# બેરોજગારી એ આપણા દેશનો એક સળગતો પ્રશ્ન છે,

## શ્રવણમંદો માટે તો અતિગંભીર છે...

### ‘‘પણ... અમે સરકારી નોકરી મેળવી...’’






















પેજ નં. પાંચ - છ ઉપર

# મૂક-બધિર વિદ્યાર્થીઓની સિદ્ધિ

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ
કોશિશ થી કામયાબી
Since 1-8-1974
વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક
૧૫ નવેમ્બર. - ૨૦૨૨, અંક નં. ૧૧૯ / ૪૯૫

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 Nov.- 22 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24



નવરાત્રીમાં ઈનામ વિતરણ



રક્ષાબેન દવે એવોર્ડ વિતરણ



નવરાત્રી ઉત્સવ




ફાલ્ગુનીબેનને એવોર્ડ

# બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર



અનામપ્રેમમાં 'વૃન્દાવન'માં વિદ્યાર્થીઓ



સાયબર ક્રાઈમ વિષે માહિતી



માઈક્રોસાઈન કંપનીની મુલાકાત



રાષ્ટ્રીય રમતોત્સવની ઉજવણી

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર. . . . . . . . . . . ૦૨
- INDEX . . . . . . . . . . . . . . . . . . . . . . . ૦૩
- CONTENTS AT A GLANCE . . . . . . . . . . . ૦૪
- બેરોજગારી, એ આપણા દેશનો એક સળગતો પ્રશ્ન. . . ૦૫
- ‘‘સેરેબ્રલ પાલ્સી બાળકનું આકાશ’’ . . . . . . . . . ૦૭
- વિકલાંગ બાળ જન્મ અટકાવવા માટે કેમ્પ યોજાયો . . . ૦૭
- ‘રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ’ . . . . . . . . ૦૮
- ‘છાત્રાલયના બાળકોને ‘દાદા’એ ખૂબ મોજ કરાવી.’ . . ૦૮
- શેઠ શ્રી વી. સી. લોઢાવાળા હૉસ્પિટલ . . . . . . . . ૦૯
- પી. એન. આર. હૉસ્પિટલ . . . . . . . . . . . . . ૦૯
- સેરિબ્રલ પાલ્સી બાળકોની વિશિષ્ટ શાળા . . . . . . . ૧૦
- ‘હાઈટેક‘ ઈન્કલુઝિવ સ્કૂલ . . . . . . . . . . . . . ૧૧
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ . . . . . . . . . . . . . . ૧૨
- ટિચર્સ ટ્રેનિંગ કોલેજ - વિઝ્યુઅલી ઈમ્પાયર્ડ . . . . . . ૧૩
- એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ . . . . . . . ૧૪
- શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ) . . . ૧૫
- શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા . . . . . . ૧૬
- શ્રી શાહ ખી.લ. બહેરાં મૂંગા શાળા મહેતા છાત્રાલય . . ૧૭
- શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ છાત્રાલય . . . . . ૧૮
- ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ (હિયરિંગ ઈમ્પાયર્ડ). . . . . . . ૧૮
- ‘અંકુર‘ મંદબુદ્ધિવાળાં બાળકોની શાળા . . . . . . . . ૨૦
- ડોનેશન લિસ્ટ. . . . . . . . . . . . . . . . . . . ૨૧
- દિવ્યાંગો દ્વારા શક્તિ પર્વ નવરાત્રિની જોશભેર ઉજવણી . ૨૨
- રિસોર્સ સેન્ટર સમાચાર. . . . . . . . . . . . . . . ૨૨
- પી.એન.આર. સોસાયટી તસ્વીર સમાચાર . . . . . . . ૨૩




શ્રી ડી. કે. અજમેરા તથા શ્રી મહેશભાઈ ગાંધીની સંસ્થાની શુભેચ્છા મુલાકાત

**પ્રિય વાચક મિત્રો,**

**‘કોશિશ થી કામયાબી’** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

## દિવ્યાંગોના યોગક્ષેમનો રક્ષક : નિરામયા મેડિકલ કલેઈમ

વિકલાંગતાગ્રસ્ત પરિવારોના જીવનમાં ઉજાશ લાવવા, કેન્દ્ર તથા રાજય સરકારે (નેશનલ ટ્રસ્ટ, ન્યૂ દિલ્હી દ્વારા) **નિરામયા મેડિકલ કલેઈમ** જાહેર કરેલ છે, જેના મુખ્ય પોલિસી હોલ્ડરમાં સેરેબ્રલ પાલ્સી (સી.પી.), મેન્ટલ રિટાર્ડેશન (એમ.આર.), ઓટિઝમ અને બહુવિધ વિકલાંગતા છે. વિકલાંગો માટેની આ પોલિસીની વિશેષતા એ છે કે તેમાં ઓ.પી.ડી., વિવિધ ટેસ્ટ, દવાખાનામાં એડમિટ, ઓપરેશન, દાંતની સારવાર, તેમજ હોમિયોપેથીક સારવાર સહિતની સેવાઓને પણ આવરી લેવામાં આવી છે. વાર્ષિક **રૂા. એક લાખ** સુધીનો આરોગ્યલક્ષી ખર્ચ, પોલિસી ધારકને મળી શકે છે. હોસ્પિટલ ડિસ્ચાર્જ બાદ તુરંત જ ક્ષતિરહિત કલેઈમ રજૂ કરતા, બે મહિનામાં તે રકમ ખાતા ધારકના એકાઉન્ટમાં જમા થઈ જાય છે. પોલિસી લેવાની, નિરામયા કાર્ડ મેળવવાની, દર વર્ષે પોલિસી રીન્યુઅલ કરાવવાની ઓનલાઈન પ્રક્રિયા PNRમાં શ્રી હિતેશભાઈ ઓઝા અને ‘અંકુર’ માં શ્રી મયુરભાઈ રાઠોડ સફળતાપૂર્વક કરે છે. નિરામયા મેડિકલ કલેઈમમાં વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન **૧૫૦** લાભાર્થીઓને **રૂા. ૭ લાખ** ઉપરાંતનો લાભ મળ્યો. કોવિડ-૧૯ ની મહામારી, આકસ્મિક બીમારીની સારવાર માટેના ખર્ચ, ગરીબ તથા મધ્યમ વર્ગની કમર તોડી નાખે છે. ત્યારે આ વર્ગને આ બહુ મોટી રાહત થઈ છે. સરકારશ્રીની દુરદર્શિતા અને ઉદારતા, છેવાડાના લાભાર્થીઓની જાગૃતતા તથા બંનેને જોડતી વહિવટી કામગીરીથી આ સફળતા હાંસલ થઈ છે. સંસ્થા તરફથી લાભાર્થીઓને પોતાને થયેલ બીમારીની સમજણ, હોસ્પિટલમાં સારવાર લેતી વખતે સાચવીને રાખવાના દસ્તાવેજો, કલેઈમ કરવાની વિધિ અને તે અંગેની મુશ્કેલ / મુંજવણ નિવારવા અવાર-નવાર ઓનલાઈન/ઓફલાઈન સેમિનારો ભાવનગર-તળાજા-મહુવા-પાલિતાણા કરવામાં આવે છે. નિરામયા પોલિસી/મેડિકલેઈમ ધારક સદા જાગૃત રહે અને બીજાને પણ સલાહ આપતા થાય, એ માટે સ્થાનિક દૈનિકોમાં નગરનોંધ પણ આપવામાં આવે છે. ઈલેકટ્રોનિક મિડીયાનો પણ પ્રચાર-પ્રસારમાં સાથ લેવાતા દિવ્યાંગ લાભાર્થીઓની સંખ્યા વધી રહી છે. સને ૨૦૨૨-૨૩ માં દાખલ થયેલ નવા નિરામયા હેલ્થ પોલિસી ધારકોની સંખ્યા ભાવનગર અને અમરેલી જિલ્લાની કુલ મળીને ૮૦૦ ઉપરાંત છે. સરકારશ્રીની આ યોજનાઓના લાભ લાયક માણસોને સમયસર પહોંચતા આ સંસ્થા, સમાજ સેવા કર્યાનો સંતોષ અને ગૌરવ અનુભવે છે.

**કિરીટ રાઠોડ**

**A thought for today**

We are all now connected by the Internet, like neurons in a giant brain


**- STEPHEN HAWKING**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2022-24, Monthly
- **અંક નં. : ૧૧૯ / ૪૮૫**
  ૧૫ નવેમ્બર - ૨૦૨૨
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail** : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us** : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ,** ગાંધીનગર.
- ‘કોશિશ થી કામયાબી‘ લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ‘‘શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર’’ના નામનો આપવા**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE

✍ K. D. PADIA



## KLID Gearups for Employment of its Wards

This issue begins with an article on unsuccessful attempts made in the past by the K. L. Institute for the Deaf (KLID) for employment of its educated and trained wards who are fit to takeup jobs in Government offices in general and Post & Telegraph Department in particular where the disabled are selected on merit and employed at definite intervals. Default attitude of normal colleagues and latter's unwillingness to learn Sign Language for the smooth communication with the deaf employees are the major reasons. Shri Ashwin Pandya, Trustee & Secretary of the KLID and author of the article in this issue has brought out problems faced impressively to sit up the concerned in the state for the noble cause and described 6 success stories of KLID's wards even under such unfavourable atmosphere. Activity of all arms of KLID remained active as will be evident from the details furnished.

## Nataraj C. P. School's March

Dynamism acquired by Nataraj Cerebral Palsy Special School and its Resource Centers for the cause of the children victims of the Cerebral Palsy is reflected in the activities carried out and described in this issue. Special mention is qualified by the school's Mega Assessment Camp, Orthopaedic Camp, exhibition of TLM (Teaching & Learning Material), distribution of ADL (Activity of Daily Life) kits and competition of TLM in this issue.

## Ankur Special School for MR

Ankur Special School for Mentally Retarded Children has been very active as will be evident from its organizing a 'Guidance Camp for children with Down's Syndrome', a workshop on Pragna Shikshan Method, holding AGM besides festival celebrations, etc. reported in this issue.

## Other Activities

AT&T Institute's resuming the Mobile Repairing Training to the disabled youth, medical and surgical services of the PNR Special Hospital and V. C. Lodhawala Hospital, activities of K. N. Shah High-Tech Inclusive School, more important news for the disabled and above all, Navratri Celebrations by all institutes of PNR and its associated institutions have found place in this issue.

**સંસ્થા પરિવારે નીચેના પ્રેરણાશ્ત્રોતના અવસાન નિમિત્તે શ્રદ્ધાંજલી પાઠવી દિવંગતના આત્માશ્રેયાર્થે પ્રાર્થના કરી છે**

શ્રદ્ધાંજલી




શ્રદ્ધાંજલી

**'અંકુર' સંસ્થાના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ હકાણીના ધર્મપત્નિ શ્રીજીચરણ પામેલ છે.**

# બેરોજગારી, એ આપણા દેશનો એક સળગતો પ્રશ્ન છે, શ્રવણમંદો માટે તો અતિગંભીર છે...

## "પણ... અમે સરકારી નોકરી મેળવી"



ખી.લ. બહેરાં-મૂંગા શાળાના શિક્ષકો તથા સંસ્થાના મેનેજમેન્ટ દ્વારા અલગ-અલગ રીતે રોજગારી આપવાના પ્રયત્નો વર્ષોથી ચાલે છે. **પોસ્ટ વિભાગ** દ્વારા સમયાંતરે વિકલાંગો માટે મેરિટના આધારે ભરતીની પ્રક્રિયા ચાલતી હોય છે. આ સંદર્ભે આપણી શાળાના શિક્ષક શ્રી યોગેશભાઈ ગોસ્વામીના સઘન પ્રયત્ન અને મહેનતના કારણે આજ સુધીમાં આપણી શાળાના છ બાળકોને કેન્દ્ર સરકારના પોસ્ટ ડિપાર્ટમેન્ટમાં જોબ મળી શકી છે. જેના દ્વારા તેઓ પોતાનું તથા પોતાના પરિવારનું ભવિષ્ય ઉજજવળ બનાવી શકયા છે અને પોતાના ભવિષ્યને સલામત કરી શક્યા છે.

સરકારમાં વિકલાંગ અનામત દ્વારા, વિકલાંગોને સરકારી નોકરી મેળવવા માટેની કામગીરી થાય જ છે, પરંતુ સમધારણ સમાજ આજે પણ શ્રવણમંદ બાળકોનો સ્વિકાર કરી શકતા નથી. આપણે ઘણાં પ્રયત્નો દ્વારા તેને જોબ તો મેળવી દઈએ છીએ, પરંતુ તેમના ઉપરી અધિકારી-સહ-કર્મચારી, શ્રવણમંદ કર્મચારીનો સ્વિકાર નથી કરતા. તેઓ કંઈ પણ રીતે તેના વાલીને એવું સમજાવવા પ્રયાસ કરે છે કે, 'તમારું બાળક આ કામ ન કરી શકે તમારા બાળકથી આ ન થઈ શકે. એની માટે તો બીજી જગ્યાએ કામ શોધો તો સારું. અહીં તો બહુ મુશ્કેલ કામ છે.' ટૂંકમાં તેઓ આ લોકોને પોતાની સાથે રાખવા નથી માંગતા. તેમનું કારણ ફકત એક જ છે કે તેઓ આમની સાથે સરળતાથી વાતચીત નથી કરી શકતા અને એના કારણે તેઓને આ વ્યક્તિ બોજારૂપ લાગે છે અથવા તો કંઈક અલગ લાગે છે.

> **સમધારણ સમાજ આજે પણ શ્રવણમંદ બાળકોનો સ્વિકાર કરી શકતા નથી. આપણે ઘણાં પ્રયત્નો દ્વારા તેને જોબ તો મેળવી દઈએ છીએ, પરંતુ તેમના ઉપરી અધિકારી-સહ-કર્મચારી શ્રવણમંદ કર્મચારીનો સ્વિકાર નથી કરતા.**

શ્રવણમંદ લોકોની વાતચીતની ભાષા **સાઈન લેંગ્વેજ** છે. હાલના સમયમાં **ઈન્ડિન સાઈન લેંગ્વેજ** પર ઘણું રિસર્ચ થયું છે. ખૂબ વિકાસ પણ થયો છે, પરંતુ મૌખિક ભાષાની સરખામણીએ સાઈન લેંગ્વેજની એક મર્યાદા આવે છે, કારણ કે તેના દ્વારા તે ઘણું બધું વ્યકત કરી શકવા છતાં, અમુક બાબતો તે સાંભળતા લોકો સામે વ્યકત કરી શકતા નથી તેમજ સામેવાળા સમજી શકતાં નથી અને તેનું કારણ એ પણ છે કે સાંભળતા લોકોને સાઈન લેંગ્વેજ આવડતી નથી અને શીખવી પણ નથી. હાલની પરિસ્થિતિ તો ઘણી સારી છે, કારણ કે શ્રવણમંદ લોકો ટેકનોલોજીનો ખૂબ સારી રીતે ઉપયોગ કરે છે, તેમજ અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં તેઓ રીટર્નમાં કોમ્યુનિકેશન કરતા થયા છે. પરંતુ આપણો સાંભળતો સમાજ હજી આ સ્વીકરતા અટકાય છે, ખબર નહીં કેમ?

આપણા બાળકોને પણ જયારે જોબ મળી ત્યારે જોબના સ્થળ પર ઉપરના દરેક પ્રશ્નો ઉપસ્થિત થયા હતાં. શાળાના શિક્ષકો દ્વારા પહેલા પ્રેમથી અને ત્યારબાદ કાયદાની સમજ આપીને સમગ્ર સ્ટાફને સમજાવવામાં આવ્યું કે, 'આ જોબ એમનો અધિકાર છે તમે એ અધિકાર છીનવી શકો નહીં અને જો તમે આ જોબ માટે તેને ના પાડશો, તો અમે કાયદેસરની કાર્યવાહી કરીશું.' રકઝક બાદ જ તેઓ શ્રવણમંદ બાળકોને જોબમાં રાખવા તૈયાર થાય છે. શરૂમાં તો તેઓને એમ જ હોય છે કે આ લોકો કંઈક કરી શકશે નહીં. પરંતુ અમુક સમય બાદ જયારે તેમના ઉપરી અધિકારીઓ સાથે ટેલિફોનિક વાતચીત કરીએ છીએ, ત્યારે તેઓ આપણા બાળકોના ખૂબ વખાણ કરે છે અને એમ પણ કહે છે કે, 'આમના આવવાથી અમારું ઘણું કામ સરળ થઈ ગયું છે.'

આજે આપણે એવા જ પોસ્ટ વિભાગમાં નોકરી પામેલા શ્રવણમંદ વ્યક્તિઓ વિશે ટૂંકમાં પરિચય મેળવીએ.

### શુભમ જોશી :

આપણી શાળાનો આ વિદ્યાર્થી અભ્યાસમાં તેમજ સહઅભ્યાસક દરેક પ્રવૃત્તિમાં ખૂબ જ આગળ પડતો ભાગ લેનાર તેમજ નેતૃત્વના સારા ગુણ ધરાવનાર શુભમને, એસ.એસ.સી. માં સારા માર્કસ આવતા મેરિટના આધારે તેનું બનાસકાંઠાના થરાદ તાલુકાના મોરથલ ગામ ખાતે, પોસ્ટ વિભાગમાં પોસ્ટિંગ થયેલ છે. શુભમના માતા-પિતા પણ શ્રવણમંદ છે, શુભમ તેના વતન જામનગરથી ભાવનગર અભ્યાસ માટે આવેલ. તેમજ ભાવનગરથી બનાસકાંઠા નોકરી માટે

હાલ સ્થાયી થયેલ છે. પોતે પોતાની જોબથી ખૂબ જ ખુશ છે. તેમજ સંસ્થાનો હંમેશા આભારી પણ રહે છે. આપણી શાળાના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ હાલ તે BAOUમાં બી.કોમ. નો એકસટર્નલ અભ્યાસ પણ કરી રહયો છે.

### સંજય કળસરિયા :

અમરેલી જિલ્લાના રાજુલાના કોટડી ગામથી, ભાવનગર ખાતે અભ્યાસ કરવા આવેલ. આપણી શાળાનો સૌથી તેજસ્વી. તેમજ શાંત વિદ્યાર્થીએ એસ.એસ.સી. ખૂબ સારા માર્કસે પાસ કરેલ અને આ વર્ષે ધો. ૧૧માં ચાલુ વર્ષ દરમિયાન જ તેને જોબ મળી જતા, હાલ તે પોતાના જિલ્લાના બાબરા તાલુકાના નવાણિયા ગામ ખાતે જોબ કરી રહયો છે. સાથે-સાથે ખાનગી ઉમેદવાર તરીકે ધો. ૧૨ની તૈયારી પણ કરી રહયો છે.

### પ્રિયંકા ચુડાસમા :

ભાવનગરમાં જ રહેતી અને નર્સરીથી જ આપણી શાળામાં અભ્યાસ કરીને, દર વર્ષે વર્ગમાં પ્રથમ નંબરે પાસ થતી પ્રિયંકા, એસ.એસ.સી. માં પણ સ્કૂલમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ અને આના આધારે જ તેને પોસ્ટમાં તરત જ જોબ મળી ગયેલ. ધો. ૧૧ નો અભ્યાસ શરૂ હતો એ સમય દરમિયાન જ લીંબડી તાલુકામાં તેનું પોસ્ટિંગ થઈ ગયેલ અને હાલ જોબની સાથે-સાથે ખાનગી ઉમેદવાર તરીકે ધો. ૧૨ની પરીક્ષાની પણ તૈયારી પણ કરી રહી છે.

### જીગ્નેશ ટાંક :

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના પીપળીયા ગામના એક સામાન્ય પરિવારમાંથી આવતો જીગ્નેશ, આપણી શાળામાં ધો. ૧૨ માં અભ્યાસ કરે છે અને ઓકટોબર-'૨૨ માં જ તેને જોબનો ઓર્ડર આવી ગયો છે. ટૂંક સમયમાં જીગ્નેશ મોરબી જિલ્લાના ટંકારા ખાતે જોબ પર હાજર થશે. સ્વભાવે હસમુખ, નટખટ તેમજ સહપાઠીઓને હંમેશા મદદરૂપ થનાર જીગ્નેશ આવતા સત્રમાં શાળામાં નહીં હોય, પરંતુ શિક્ષકોને કહીને ગયો છે કે તે ધો. ૧૨ની ખાનગી ઉમેદવાર તરીકે પરીક્ષા આપવા ચોક્કસ આવશે.

### મુકેશ દાવરા :

ભાવનગરના સિંધી પરિવારમાંથી આવતો મુકેશ તથા તેની બહેન પૂજા બંને શ્રવણમંદ છે ઘરની આર્થિક પરિસ્થિતિ પણ ખૂબ જ નબળી છે, ઘણાં સમયથી મુકેશ ટિફીન ડિલીવરી બોયનું કામ કરતો હતો. પરંતુ ભણવામાં તેજસ્વી હોવાના કારણે માર્ચ-૨૦૧૧માં લેવાયેલ ધો. ૧૦ ની બોર્ડની પરીક્ષામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ. જેના આધારે હાલ તેને ભાવનગર જિલ્લાના પાલિતાણા ખાતે પોસ્ટમાં જોબ મળેલ છે, આ જોબ ના કારણે તે તથા તેનો પરિવાર ખૂબ જ ખૂશ છે, કારણ કે આના કારણે તેનું ભવિષ્ય ઉજ્જવળ બનવાનું છે.

### કુ. તમન્ના રાજેશભાઈ અગ્રાવત :

આપણી શાળાનો ચમકતો સિતારો. કુ. તમન્ના વર્ષ ૨૦૦૪માં આપણી શાળામાં પ્રવેશ મેળવ્યો, ત્યારથી જ તેના નામ તમન્ના જેવો જ ગુણ ધરાવતી શાળાના શરૂઆતના વર્ષથી અભ્યાસમાં તથા સહ અભ્યાસક્રમ પ્રવૃત્તિમાં અગ્ર રહેવાની તથા નવું જાણવાની ''તમન્ના'' અને દરેક પ્રવૃત્તિમાં ભાગ લેવાની અખૂટ ''તમન્ના''. તેની આ તમન્નાએ દરેક ધોરણમાં પ્રથમ ક્રમ જ અપાવ્યો છે. ધો. ૧૦ અને ૧૨ માં પણ તેણે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલો. નબળી આર્થિક સ્થિતિ ધરાવતા કુટુંબમાં ક્રમશઃ ત્રણ બાળકોનો જન્મ થયો તેમાં તમન્ના સૌથી મોટી દીકરી હતી. માતા-પિતાએ આ સમસ્યાના નિવારણ મધર ટ્રેનિંગ લીધી. ડગલે ને પગલે માતા-પિતાએ પણ ખૂબ સાથ આપ્યો.

તમન્નાની લેખિત ભાષા ખૂબ જ ઓછી ભૂલવાળી તથા તેની ક્ષમતા મુજબ સ્પીચ પણ ખૂબ સારી, તેનું સ્પીચ રીડિંગ પણ અદભૂત હતું. આવી હોશિયાર તમન્નાએ ધો. ૧૨ પછી આઈ.ટી.આઈ. માં કોપાનો કમ્પ્યુટરનો કોર્સ પૂર્ણ કરી, ભવ્ય સફળતા મેળવી. જેના કારણે હાલ ભારતીય રેલ્વે, ભાવનગર રેલ્વે વિભાગ ખાતે કોમ્પ્યુટર ઓપરેટરની (એપ્રેન્ટિસ તરીકે)નોકરી કરી રહી છે.

હાલ તેણીનો F.Y. B.Com અભ્યાસ શરૂ છે. સાથે-સાથે તેના બહેન-ભાઈને ભણાવવાનું, ઘર સંભાળવાનું અને માતા-પિતાને આર્થિક ટેકો આપી, સન્માન પૂર્વક જીવન જીવવા માટેનું એક આદર્શ ઉદાહરણ પૂરું પાડેલ છે. આ સફળતાનો શ્રેય તેણી તેના માતા-પિતા, શિક્ષકો અને શાળા સંસ્થા આપે છે. આમ તમન્નાએ આપણી શાળા તથા શ્રવણમંદ સમાજનું ગૌરવ સ્થાપિત કર્યું છે.

**અશ્વિનભાઈ પંડયા**



# "સેરેબ્રલ પાલ્સી બાળકનું આકાશ"

## નટરાજ કોલેજમાં વિશ્વ સેરેબ્રલ પાલ્સી દિવસની ઉજવણી



PNR સોસાયટી સંચાલિત, નટરાજ (મગજના લકવાવાળા) સેરેબ્રલ પાલ્સી બાળકોની શાળા દ્વારા મુખ્ય અતિથિ શ્રી કેવલભાઈ મહેતા, અતિથિવિશેષ શ્રી ભરતભાઈ શાહ અને શ્રી વિપુલભાઈ વ્યાસ તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં **વિશ્વ સેરેબ્રલ ડે** નિમિત્તે **"સેરેબ્રલ પાલ્સી બાળકનું આકાશ"** કાર્યક્રમ, સ્વ. કાંતિલાલ એલ. મહેતાની પુણ્યસ્મૃતિમાં યોજાઈ ગયો. જેમાં દિવ્યાંગ બાળકો માટે TLM શૈક્ષણિક સામગ્રી બનાવનારને ઈનામ વિતરણ કરાયેલ. શ્રી વિપુલભાઈ વ્યાસે સંસ્થાની શિક્ષણ પ્રણાલીની પ્રસંશા કરી હતી. દિવ્યાંગ વિદ્યાર્થીઓની પ્રભુ પ્રાર્થના બાદ, માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે સ્વાગત પ્રવચન કરેલ. ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન સોલંકીએ પ્રસંગોચિત પરિચય આપેલ. મહામંત્રી શ્રી પારસભાઈ શાહે આભારવિધિ કરેલ.



# વિકલાંગ બાળ જન્મ અટકાવવા માટે રસીકરણ કેમ્પ યોજાયો



PNR સોસાયટી અને ધ દલાલ ફેમેલી ફાઉન્ડેશન USA સંચાલિત, પ્રવિણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર અંતર્ગત, એચજય ઈન્ડસ્ટ્રિઝ-મુંબઈના સહયોગથી, પાલિતાણા તાલુકાની લોક વિદ્યાલય - વાળુકડની સંસ્થામાં બાળકમાં આવતી જન્મજાત વિકલાંગતા અટકાવવા માટે **રૂબેલા રસીકરણ કેમ્પ** યોજાયો.

ગાંધી વિચારધારાવાળી આ સંસ્થામાં, દર વર્ષે ગાંધી જયંતી અન્વયે, **ગાંધી સપ્તાહ**ની ઉજવણી થતી હોય છે. તેના ભાગરૂપે સંસ્થાના સભાખંડમાં ૪૦૦ વિદ્યાર્થીનીઓને શ્રી કેતનભાઈ રૂપેરા દ્વારા રૂબેલાની અવેરનેસ આપવામાં આવેલ. જેમાંથી રૂબેલાની રસી અગાઉ ન લીધી હોય તેવી ૧૫૦ વિદ્યાર્થીનીઓને શ્રી અલજીરાબેન દ્વારા રૂબેલા રસી આપવામાં આવેલ. આ રસી લઈ લાભાર્થીએ ૨૦ વર્ષ સુધીની સુરક્ષા પ્રાપ્ત કરેલ છે. આ કેમ્પને સફળ બનાવવા લોક વિદ્યાલયની મેનેજમેન્ટ ટીમે પૂરતો સહકાર આપેલ.

# "રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ"

રોટરી કલબ ભાવનગર રોયલ એ એક વૈશ્વિક સંસ્થા તરીકે સમગ્ર વિશ્વમાં અનેક સેવાકીય અને સમાજ ઉપયોગી કાર્ય કરે છે. છેલ્લાં વર્ષોથી કાર્યરત **"સમાજ ઉત્થાન માટે"** બુનિયાદી જરૂરિયાત એટલે **"શિક્ષણ"**.

શિક્ષણના વ્યાપ માટે રોટરી ઈન્ડિયા **"સાક્ષરતા અભિયાન"** પર કાર્ય કરી રહી છે. જેમાં **"નેશનલ બિલ્ડર એવોર્ડ"** ટિચર ટ્રેનિંગ, હેપી સ્કૂલ જેવા કાર્યક્રમ કરી રહી છે. આ નેશનલ એવોર્ડ, એ શિક્ષણક્ષેત્રે શ્રેષ્ઠ કાર્ય કરી એક અલગ ઓળખ મેળવનાર શિક્ષકને




રોટરી દ્વારા આપવામાં આવે છે.

૨૦૨૨ ના વર્ષે રોટરી દ્વારા ભાવનગર જિલ્લામાંથી કુલ ૮ શ્રેષ્ઠ શિક્ષકોને આ નેશનલ એવોર્ડથી સન્માનિત કર્યાં. જેમાં આપણી શ્રી ખી.લ. બહેરાં-મૂંગા સંસ્થાના મદદનિશ શિક્ષક શ્રી ફાલ્ગુનીબેન જયસુખભાઈ મકવાણાની પસંદગી થયેલ અને શ્રેષ્ઠ શિક્ષકનો નેશનલ બિલ્ડર એવોર્ડ મળેલ. જેઓએ આપણી શાળાનું ગૌરવ વધારેલ છે.

# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા મહેતા છાત્રાલય તથા શ્રીમતી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય

લગભગ દર વર્ષે દિવાળી-ઉનાળુ વેકેશનમાં બાળકો પોતાના ઘરે જતાં પહેલા રંગોલી હોટલમાં જવાની ઈચ્છા વ્યકત કરતા હોય અને લગભગ દાતાઓના સહયોગથી મેનેજ થઈ જતું હોય છે. બાળકો, રંગોલીમાં ખાસ જુદી-જુદી રાઈડસનો આનંદ લેતા હોય અને સાથે મનપસંદ ભોજન કરતા હોય છે.

આ વર્ષે પણ તા. ૧૯ ઓકટો. `૨૨ ના રોજ દિવાળી વેકેશન પડતું હોવાથી બાળકોને રંગોલીમાં રમવા-જમવા જવાની ખૂબ જ ઈચ્છા, પરંતુ કોઈ જ પ્લાનિંગ ન હતું. ત્યારે જ **બાળકોના દાદા** એવા માનદ મંત્રીશ્રી, છાત્રાલયમાં એક દિવસ અગાઉ બાળકોને મળવા આવેલ, ત્યારે નાના-નાના ભૂલકાઓએ રંગોલીમાં જવાની ખૂબ જ ઈચ્છા વ્યકત કરેલ. ઘરે બાળકો જેમ પોતાના દાદા પાસે લાડ કરે, તેમજ છાત્રાલયના બાળકોને મેં લાડ કરતા જોયા તા. ૧૮ ઓકટો.`૨૨ ના રોજ રાત્રે શ્રી અશ્વિનભાઈનો ફોન આવ્યો કે ''બેન, બાળકોની ઈચ્છા છે રંગોલીમાં જવાની તો તૈયારી કરો''. બજેટ ખૂબ જ મોટું ૭૦ થી ૮૦ હજારનો ખર્ચો. હું પછી વિચારવા લાગી કે કેમ મેનેજ કરવું ? ત્યારે અમારા મંત્રીશ્રીએ કહ્યું કે, 'જેટલા રૂપિયાનું મેનેજ થાય તે કરો, બાકી ચિંતા ન કરો. હું ઘટશે તે કરી આપીશ.' બસ પાસ નક્કી કરીને, બાળકોને તા. ૧૮ ઓકટો.`૨૨ ના રોજ રંગોલીમાં લઈ ગયા. બાળકોને રંગોલી હોટલમાં રાઈડસનો આનંદ લેતા, તેની કિકીયારી અને સાંભળીને ખૂબ જ આનંદ થયો. બસ આજ રીતે બાળકોના નસીબથી જ, તેમજ સંસ્થાના નસીબ જ બધું મેનેજ થઈ જતું હોય છે.

**- સ્નેહાબેન જોષી (ગૃહમાતા)**


## 'છાત્રાલયના બાળકોને 'દાદા'એ ખૂબ મોજ કરાવી.'






ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

# શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ તથા શ્રી પ્રતાપભાઈ શામજીભાઈ પારેખ પોલિક્લિનિક



✍ મનસુખ સોરઠિયા

**સફળ પ્લાસ્ટિક સર્જરી :**

તા. ૧૬ સપ્ટે.`૨૨ ના રોજ દેવુભા દિપસિંહ ગોહિલ, ઉં. વર્ષ ૬૫, નિવાસી ભાવનગર, દર્દીને કાનમાં કેન્સરના ઓપરેશનની સારવાર, પ્લાસ્ટિક સર્જરીથી ટાંકા સાથે સફતાપૂર્વક ડૉ.શિખા સચદેવ (MBBS, DLO) દ્વારા, આ હોસ્પિટલ ખાતે સફળતાપૂર્વક સંપન્ન થયેલ.






હોસ્પિટલ ખાતે અન્ય વિવિધ સર્જરી



# પી. એન. આર. હૉસ્પિટલ



✍ મહાસુખભાઈ જકડિયા

**સપ્ટેમ્બર -`૨૨ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૧૨૩ | ૦૫ |
| આંખ | ૬૭૮ | ૨૩૮ |
| આંખની છારી | ૨૨ | - |
| ઈ.એન.ટી. (કાન-નાક-ગળા) | ૫૮૫ | ૦૩ |
| માઈનર પ્રોસિઝર | ૩૩૦ | - |
| ઓર્થોસ્કોપી | ૨૭ | - |
| ઓર્થોડેન્ટલ | ૧૩૩ | ૧૭૧ (ટ્રિટમેન્ટ) |
| જનરલ ઓપીડી | ૫૨૧ | - |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| એક્ષ-રે | ૬૪ | - |
| લેબોરેટરી | ૩૪૨ | ૧૨૧૫ (ટેસ્ટ) |
| ચામડી | ૩૦ | - |
| પેડિયાટ્રિક ડેન્ટલ | ૦૧ | ૦૩ |
| આંખના પડદા | ૧૦ | - |
| પ્લાસ્ટિક સર્જરી | ૩૨ | ૧૫ |
| હેર ઈમ્પ્લાન્ટ | ૧૭ | ૦૯ |
| ત્રાંસી આંખ | ૩૧ | ૦૯ |
| રૂબેલા વેક્સિન | ૦૨ | - |

◈ સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૧૧૫** લાભાર્થીઓએ **રૂા. ૧૧,૦૮૫/-** ની સહાય મેળવેલ છે.

◈ મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૧૬** દર્દીઓએ **રૂા. ૨,૩૨૦/-** ની સહાય મેળવેલ છે.

**ઓર્થોપેડિક કેમ્પ**

તા. ૨૨-૨૩ સપ્ટે.`૨૨ ના રોજ પી.એન.આર. હોસ્પિટલ ખાતે ઓર્થોપેડિક કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં **17** લાભાર્થીઓએ લાભ લીધો. તેમાં ડૉ. આશિમાબેન સાહિત્યએ સેવા આપેલ. સાથો-સાથ ઓર્થોસિસ કેમ્પ અંતર્ગત સ્પ્લિન્ટ વિતરણ પણ કરવામાં આવ્યું. જેમાં **10** લાભાર્થીઓ હતાં. આ કેમ્પમાં શ્રી ચાર્મીબેન રાઠોડ, શ્રી ગ્રીવાબેન અંધારિયાએ જહેમત ઉઠાવેલ.



# મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા



✍ વિભૂતિ વ્યાસ

## રાષ્ટ્રિય પોષણ સપ્તાહ :



તા. ૧૭ સપ્ટે.`૨૨ ના રોજ નટરાજ સી.પી. સ્કૂલમાં ૭૫મા **'રાષ્ટ્રિય પોષણ સપ્તાહ'** ઉજવણી અંતર્ગત, દિવ્યાંગ બાળકોને પૌષ્ટિક અને સ્વાસ્થવર્ધક સાથે, પોષક તત્વોથી ભરપૂર આરોગ્યપ્રદ એવી ડાયટ કીટનું વિતરણ શ્રી ઈલાબેન શાહ તથા શાળાના આચાર્ય શ્રી જીજ્ઞાબેનના હસ્તે કરવામાં આવેલ.

## નાસ્તા વિતરણ :

તા. ૧૬ સપ્ટે.`૨૨ ના રોજ સ્વ. કાશ્મિરાબેન રાજેન્દ્રભાઈ પટેલની પૂણ્યતિથિ નિમિત્તે **નાસ્તા વિતરણ** શ્રી રીનાબેન વસોયાના હસ્તે કરવામાં આવેલ.

## ભોજન :

તા. ૧૬ સપ્ટે.`૨૨ ઓગસ્ટ ના રોજ સ્વ. ભરતકુમાર નંદલાલ મહેતાની પૂણ્યતિથિ નિમિતે તિથિ ભોજન ડૉ. કેયુરભાઈ મહેતાના હસ્તે કરાવામાં આવેલ.

## સંસ્થા મુલાકાત :



તા. ૧૯ સપ્ટે.`૨૨ ના રોજ મુંબઈના દાતાશ્રી ધનવંતરાય અજમેરા તથા દાતા પરિવારના અન્ય 15 સભ્યો દ્વારા નટરાજ સી.પી. સ્કૂલની મુલાકાત લીધેલ. વિશિષ્ટ શાળાઓ દ્વારા દિવ્યાંગ તથા સમધારણ બાળકો દ્વારા ખાસ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ. આદરણીય સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી બાબાભાઈ દ્વારા સંસ્થા પરિચય સાથે, સંસ્થા કાર્ય પરિચય આપેલ. મહેમાનોનું સ્વાગત શ્રી પારસભાઈ શાહ તથા આભારવિધિ શ્રી કિરીટભાઈ રાઠોડે કરેલ. તેમજ કાર્યક્રમ સંચાલન શ્રી ખેવનાબેન ઓઝાએ કરેલ.

## A.D.L. કિટ વિતરણ :

તા. ૧૯ સપ્ટે.`૨૨ ના રોજ દાતાશ્રી અજમેરા પરિવાર માટે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં રિચીંગ ટુ અન રીચ્ડ પ્રોજેકટ અંતર્ગત રોજીંદી ક્રિયાઓ કરવામાં અતિ મુશ્કેલી અનુભવતી અને જરૂરિયાતમંદ ૪ દિવ્યાંગ બાળકોને **A.D.L. કિટ વિતરણ** શ્રી જીજ્ઞાબેન સોલંકીએ ઉપસ્થિત મહેમાનોના હસ્તે કરાવેલ.

## ગણિત T.L.M. એક્ઝિબિશન-પ્રદર્શન :

તા. ૨૩ સપ્ટે.`૨૨ ના રોજ કન્સોર્ટીયમ ફોર ઈન્કલુઝિવ એજ્યુકેશન અંતર્ગત વડોદરા ખાતે યોજાયેલ **ગણિત T.L.M. એક્ઝિબીશન-પ્રદર્શન**માં, શાળા પરિવાર દ્વારા સંમિલીત અને યુ.ડી.એલ. આધારિત **38 T.L.M.** બનાવવામાં આવ્યા. જેમાં દિવ્યાંગ બાળકો, વાલીઓ, શિક્ષકોએ ભાગ લીધો હતો. પ્રદર્શનમાં **700** લોકોએ સી.પી. સ્કૂલના સ્ટોલની મુલાકાત લઈ પ્રોત્સાહન વધારેલ. શ્રી ખેવનાબેન ઓઝા, શ્રી વરૂણભાઈ વ્યાસ, શ્રી ગાયત્રીબા ઝાલા અને શ્રી કિરણબેન રાજયગુરૂએ શાળાનું પ્રતિનિધિત્વ કરેલ.

## T.L.M. સ્પર્ધા :



તા. ૩૦ સપ્ટે.`૨૨ ના રોજ **T.L.M. સ્પર્ધા** નું આયોજન કરવામાં આવેલ. જેમાં **40** થી વધુ વિવિધ પ્રકારના શૈક્ષણિક સાધનો (T.L.M.) દિવ્યાંગ બાળકો, વાલીઓ, શિક્ષકો દ્વારા તૈયાર કરેલ. જેનો હેતુ સંમલીકરણમાં કોઈપણ દિવ્યાંગતા ધરાવતો વિદ્યાર્થી સરળતાથી સમજી શીખી શકે, જેમાં દક્ષિણામૂર્તિના શ્રી વિપુલભાઈ વ્યાસે નિર્ણાયક તરીકેની સેવા આપી હતી. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય, તૃતીય સ્થાન ધરાવનારને ઈનામ તથા **07** અન્ય પ્રોત્સાહન ઈનામ પણ આપવામાં આવેલ, જે સ્વ. કાંતિલાલ મહેતાના પરિવાર તરફથી પ્રાપ્ત થયેલ.

### મેગા એસેસમેન્ટ કેમ્પ તથા સેમિનાર :


તા. ૮-૯ ઓકટો.`૨૨ ના રોજ **મેગા એસેસમેન્ટ કેમ્પ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં ઓકયુપેશનલ થેરાપી, સ્પીચ થેરાપી, A.D.L., વિશિષ્ટ શિક્ષણને આવરી લેવામાં આવ્યું હતું. આ કેમ્પમાં 58 લાભાર્થીઓએ લાભ લીધો હતો. જયારે તા. ૯ ઓકટો.`૨૨ ના રોજ બહુવિધ વિકલાંગતા વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં વાલીઓએ ભાગ લીધો હતો. સેમિનારમાં ડૉ. દીપક ગંજીવાલા, ડૉ. બ્રજેશ મિશ્રા, ડૉ. મૃત્યુંજય મુકુંદ, ડૉ. કેલ્વિન પટેલે, અલગ-અલગ વિષય પર PPT દ્વારા વિસ્તારથી સમજાવેલ.






# કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ

ધીરુભાઈ ધંધુકિયા



### નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા :



તા. ૬ સપ્ટે.`૨૨ ના રોજ રેડક્રોસ અંતર્ગત **નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા** નું આયોજન કરવામાં આવેલ. જેમાં ધો. ૫ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ચિત્ર સ્પર્ધામાં રક્તદાન તથા અંગદાનનું મહત્વ સમજાવતા ચિત્રો દોર્યા હતાં. જેમાં પ્રથમ નંબર ધો. ૧૧ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી મોયેલ લલીત, દ્વિતીય નંબર ધો. ૯ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી સોલંકી પાર્થ તથા તૃતીય નંબર ધો. ૯ નાં વિદ્યાર્થી અબીયાણી શુભમે મેળવેલ. નિબંધ સ્પર્ધામાં રક્તદાન, ચક્ષુદાન, અને અંગદાન વિષય પર નિબંધ લખેલ. નિબંધ લેખનમાં બાળકોએ 'અંગદાન અને રક્તદાનએ મહાદાન છે', તેનું મહત્વ દર્શાવેલ. નિબંધ સ્પર્ધામાં પ્રથમ નંબર ધો.૧૨ની વિદ્યાર્થીની રાઠોડ કૃપાલી, દ્વિતીય નંબર ધો.૧૨નો વિદ્યાર્થી બારડ સિધ્ધાર્થ તથા તૃતીય નંબર ધો. ૧૧ ની વિદ્યાર્થીની સરવૈયા ખુશીએ પ્રાપ્ત કરેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી દક્ષાબેન પંડયાએ કરેલ.

### પ્રાથમિક સારવાર અંગે માહિતીનો સેમિનાર :

તા. ૭ સપ્ટે.`૨૨ ના રોજ જુનિયર રેડક્રોસ સોસાયટી અંતર્ગત વિદ્યાર્થીઓને પ્રાથમિક સારવાર અંગેનો સેમિનાર યોજવામાં આવેલ. રેડક્રોસમાંથી પધારેલ મહેમાન ડૉ. મિલનભાઈ દવે (ચેરમેન), શ્રી સુમિતભાઈ ઠક્કર (વાઈસ ચેરમેન) તથા શ્રી ભંડેરી સાહેબ (ટ્રેઝરર) નું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ શાળાની પ્રવૃત્તિઓ અંગેની એક ઝલક PPT દ્વારા રજૂ કરાયેલ. સંસ્થાના જોઈન્ટ સેક્રેટરી અને હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના ચેરમેન શ્રી ડી. જે. ધંધુકિયા સાહેબે પ્રસંગોચિત ઉદ્દબોધન કરેલ. શ્રી સુમિતભાઈ ઠક્કરે રેડક્રોસ અંગે બાળકોને માહિતગાર કર્યા. ડૉ. મિલનભાઈ દવેએ પ્રાથમિક સારવાર અંગેની માહિતી આપી. રેડક્રોસ અંતર્ગત યોજાયેલ નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાના વિજેતાને મહેમાનશ્રીના વરદ હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવેલ. ગુજરાત સ્ટેટ કરાટે ચેમ્પિયનશિયમાં બીજો ક્રમાંક મેળવનાર વઘાસિયા શ્રેયાને સિલ્વર મેડલ તથા ત્રીજા ક્રમાંકે બ્રોન્ઝ મેડલ મેળવનાર વાઘેલા ક્રીનલને મેડલ આપી પ્રોત્સાહિત કરેલ. કાર્યક્રમના અંતે આભારવિધિ શ્રી દક્ષાબેન પંડયાએ કરેલ. કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ.

### હિન્દી દિવસની ઉજવણી :


તા. ૧૪ સપ્ટે.`૨૨ ના રોજ **હિન્દી દિવસની ઉજવણી** કરવામાં આવેલ. હિન્દી દિવસ નિમિત્તે ધો. ૬ થી ૮ માં શ્રુતલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. આ સ્પર્ધામાં વિદ્યાર્થીએ ઉત્સાહભેર ભાગ લીધો, તેમજ હિન્દી ભાષાનું મહત્વ, તેની શરૂઆત, હિન્દી દિવસની ઉજવણી શું કામ ઉજવવામાં આવે છે ? તેની પ્રાથમિક માહિતી આપવામાં આવેલ. આ શ્રુતલેખન સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીને પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપીને પ્રોત્સાહિત કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ.



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

અમિત મિત્રા



### નેશનલ ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા :



દર વર્ષની જેમ આ વર્ષે પણ નેશનલ ટ્રસ્ટની **વાર્ષિક સામાન્ય સભા** તા. ૨૨ સપ્ટે.`૨૨ ના રોજ, ન્યૂ દિલ્હી ખાતે યોજાય હતી. આ સામાન્ય સભાનું ઉદ્‌ઘાટન શ્રી રાજેશ અગ્રવાલ (સચિવ, એમ્પાવર્મેન્ટ ઓફ પર્સન વીથ ડિસેબિલિટી, ગવર્ન્મેન્ટ ઓફ ઈન્ડિયા તથા નેશનલ ટ્રસ્ટના ચેરપર્સન) દ્વારા કરવામાં આવેલ. આ સભામાં નેશનલ ટ્રસ્ટના વાર્ષિક ઓડિટ રીપોર્ટ વિશે માહિતી આપવામાં આવેલ. પ્રશ્નોત્તરી કાર્યક્રમ ગોઠવવામાં આવેલ. નેશનલ ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભામાં નેશનલ ટ્રસ્ટમાં રજીસ્ટર્ડ **270** સંસ્થાઓએ ઓનલાઈન ભાગ લીધો હતો. જેમાં આપણી સંસ્થામાંથી ડૉ. અમિત મિત્રાએ ભાગ લીધો હતો. નેશનલ ટ્રસ્ટના પ્રોગ્રામ ડાયરેકટરશ્રી યુ. કે. શુકલા સાહેબે મિટીંગ દરમ્યાન પી.એન.આર. સોસાયટીના સારા કામની પ્રસંશા કરી અભિનંદન પાઠવ્યા હતાં.

### આરતી થાળી ડેકોરેશન સેમિનાર :



તા. ૨૪ સપ્ટે.`૨૨ ના રોજ સી.પી. સ્કૂલમાં શિક્ષકો, વાલીઓ તથા બાળકો માટે **આરતી થાળી ડેકોરેશન** સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પ્રોજેકટના શિક્ષકો, વાલીઓ તથા બાળકો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો તથા આરતીની થાળીનું સુશોભન, આરતીની થાળીમાં રંગો, સ્ટોન, ટીકી દ્વારા સુશોભન કરતા શીખવવામાં આવેલ. આ સેમિનાર દ્વારા બાળકો તથા વાલીઓને નવરાત્રિ માટે આરતીની થાળીની સજાવટ કરવા માટે ઉપયોગી માર્ગદર્શન પ્રાપ્ત થયેલ.

### T.L.M. કોમ્પિટિશન :



સપ્ટેમ્બર માસ દરમ્યાન સંસ્થા દ્વારા બાળકો, વાલીઓ તથા શિક્ષકો માટે T.L.M. **કોમ્પિટિશન**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રોજેકટના બાળકો પૂજા શાહ, ઉર્વશી ચૌહાણ તથા દક્ષ રાણાએ ભાગ લીધો હતો. આ બાળકોએ જાતે T.L.M. બનાવ્યાં હતાં. આ વિજેતા બાળકોને વર્લ્ડ સેરેબ્રલ પાલ્સી ડે ના કાર્યક્રમમાં ઈનામ આપવામાં આવેલ. જેમાં પ્રોજેકટના બાળક દક્ષ રાણાને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ. જે બદલ સર્વ સ્ટાફ દ્વારા તેને અભિનંદન પાઠવવામાં આવેલ.

### આરતી થાળી ડેકોરેશન કોમ્પિટિશન તથા ટ્રેડિશનલ ડ્રેસ કોમ્પિટિશન :

નવરાત્રિની ઉજવણીના ભાગરૂપે સંસ્થા દ્વારા ઓનલાઈન **આરતી થાળી ડેકોરેશન કોમ્પિટિશન તથા ટ્રેડિશનલ ડ્રેસ કોમ્પિટિશન**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રોજેકટના શિક્ષકો, વાલીઓ તથા બાળકો દ્વારા ઉત્સાહભેર ભાગ લેવામાં આવ્યો હતો. જેમાં ટ્રેડિશનલ ડ્રેસ કોમ્પિટિશનમાં પ્રોજેકટના વાલી હેતલ રાણા, પ્રોજેકટના ફિઝીયોથેરાપિસ્ટ ડૉ. ગ્રીવાબેન અંધારિયા અને આરતી ડેકોરેશન કોમ્પિટિશનમાં પ્રોજેકટના વિદ્યાર્થી અફઝલ મોદન, ધ્રુવી

મકવાણા, પ્રોજેકટના વાલી કોમલબેન સિંઘવા, રશ્મિકાબેન વનરાએ વિજેતા બની, ઈનામ પ્રાપ્ત કર્યું હતું.

## નવરાત્રિ પર્વની ઉજવણી :

સંસ્થા દ્વારા તા. ૧ ઓકટોબરના રોજ નવરાત્રિ પર્વની ઉજવણી નિમિતે રાસ-ગરબાનું આયોજન કરવામાં આવેલ. રાસ-ગરબા કોમ્પિટિશનમાં પ્રોજેકટના વિદ્યાર્થી પરમ ભટ્ટ, અશરફ મોદન, શુભમ ચૌહાણ, પ્રોજેકટના વાલી કોમલબેન સિંઘવા, જીલ સોમાણી, ડોલીબેન લંગાળિયા, ગીતાબેન યાદવ અને સ્ટાફ મેમ્બરમાં




ડૉ. ગ્રીવાબેન અંધારિયા, શ્રી બિનાબેન જાની તથા શ્રી હર્ષાબેન પાડલિયાએ ઈનામ પ્રાપ્ત કર્યું હતું.



પી.એન.આર. સોસાયટી સંચાલિત

# ટિચર્સ ટ્રેનિંગ કોલેજ વિઝયુઅલી ઈમ્પાયર્ડ

કિરણ રાજયગુરુ



## ગણેશ ઉત્સવ :



તાલીમાર્થીઓ દ્વારા તા. ૯ સપ્ટે.ʼ૨૨ ના રોજ સી.પી. સ્કૂલ દ્વારા આયોજિત **ગણેશ ઉત્સવ પર્વ**ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજના કોર્સ કો-ઓર્ડિનેટર અને પ્રથમવર્ષના તાલીમાર્થીઓ દ્વારા ગણેશજીની પૂજા કરી, આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ તાલીમાર્થીઓએ રાસ-ગરબામાં ભાગ લીધો હતો. અને ધૂમધામથી નારા લગાવી બાપ્પાનું વિર્સજન કરવામાં આવ્યું હતું.

## ટિચર્સ ડે સેલિબ્રેશન :



તા. ૫ સપ્ટે.ʼ૨૨ ના રોજ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણની યાદમાં ટ્રેનિંગ કોલેજના પ્રથમવર્ષના તાલીમાર્થીઓ દ્વારા **ટિચર્સ ડે** ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજના ઉત્સુક તાલીમાર્થીઓ દ્વારા જુદા-જુદા વિષયોના પાઠ, કોલેજના અન્ય તાલીમાર્થીઓને શીખવવામાં આવ્યા હતાં. તદઉપરાંત કોલેજના કોર્સ કો-ઓર્ડિનેટર, આસિસ્ટન્ટ ટિચર્સ, લાઈબ્રેરીયન, આ તમામ કામગીરી તાલીમાર્થીઓ દ્વારા સંભાળવામાં આવી હતી.

## કોર્સ કો-ઓર્ડિનેટર બર્થ ડે સેલિબ્રેશન :

તા. ૩ સપ્ટે.ʼ૨૨ ના રોજ ટિચર્સ ટ્રેનિંગ કોલેજના કોર્સ કો-ઓર્ડિનેટર શ્રી કિરણબેન રાજ્યગુરૂના **જન્મદિવસની ઉજવણી** પ્રથમવર્ષના તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. જેમાં કો-ઓર્ડિનેટરશ્રીને કલાસ-ડેકોરેશન અને કેક કટિંગ દ્વારા સરપ્રાઈઝ આપી ઉજવણી કરવામાં આવી હતી. તદઉપરાંત નટરાજ ઓડિટોરીયમમાં ગીત-ગુંજન અને ડાન્સ દ્વારા ધામધૂમથી ઉજવણી કરાય હતી.

## નવરાત્રિ સેલિબ્રેશન :




તા. ૧ ઓકટો. ʼ૨૨ ના રોજ PNR સોસાયટી દ્વારા આયોજિત **નવરાત્રિ મહોત્સવ**માં, નટરાજ ટિચર્સ ટ્રેનિંગ કોલેજના પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ દ્વારા વિવિધ સ્પર્ધામાં ભાગ લીધેલ. જે પૈકી ટ્રેડિશનલ ડ્રેસ સ્પર્ધા અને રાસ-ગરબા સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ ઉત્તમ પ્રદર્શન કરેલ. જે પૈકી ઉત્તમ અને ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર તાલીમાર્થીઓ અને કોર્સ કો-ઓર્ડિનેટર દ્વારા આરતી કરી, રાસ-ગરબા પણ કરવામાં આવ્યાં હતાં.



# એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ

✍ કૌશિક પરમાર




## મોબાઈલ રીપેરિંગ ટ્રેનિંગનો પુનઃપ્રારંભ :

જન્મથી અથવા બિમારીના કારણે આવેલ વિકલાંગતા અભ્યાસ, સામાજીકરણ, અવરજવર, રોજગારી મેળવવામાં અવરોધરુપ બનતી હોય છે. ગ્રામ્ય વિસ્તારમાં વિકલાંગ ભાઈબહેનોની સંખ્યા વધુ છે. ગ્રામ્ય સ્તરે પૂરતા અભ્યાસની તકોનો અભાવ અને પરિવારની આર્થિક સ્થિતી નબળી હોવાને કારણે વિકલાંગો પૂરતું શિક્ષણ પ્રાપ્ત કરી શકતા નથી. ઉપરાંત વ્યવસાયલક્ષી તાલીમ પણ મેળવી શકતા નથી. જેને કારણે તેમને નોકરી મેળવવામાં અને આર્થિક ઉપાર્જનમાં અનેક સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો. શ્રવણમંદો સાથે વાતચીત કરવામાં તકલીફને કારણે અને શારીરીક ખોડ ધરાવતા વિકલાંગો પૂરતી ક્ષમતા સાથે કામ નહી કરી શકે તેવી માન્યતા સમાજમાં હોય, વિકલાંગોને ઝડપથી નોકરી મળતી ન હતી. આ ઉપરાંત અવરજવર કરવામાં પણ તેમને સમસ્યા હોવાથી પોતાના ઘરથી દૂર નોકરી કરવા જઈ શકતા ન હતા. જેને કારણે તેઓને સ્વનિર્ભર બનવા અનેક પડકારોનો સામનો કરવો પડતો હતો.



જયારથી કોમ્પ્યુટર ટેકનોલોજીનો યુગ શરૂ થયો, ત્યારથી આ યુગ વિકલાંગો માટે આશીર્વાદરૂપ સાબિત થયો. એક સમયે સમધારણ વ્યકિતને પણ કોમ્પ્યુટર શીખવું અઘરૂં હતું, તેવા સમયે પી.એન.આર. સોસાયટીએ એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટમાં વિકલાંગોને વિનામૂલ્યે કોમ્પ્યુટરની તાલીમ આપવાનું શરૂ કર્યુ. અહી તાલીમ મેળવી વિકલાંગો નોકરી મેળવવામાં સફળ રહયાં અને કેટલાંક વિકલાંગો કોમ્પ્યુટરનો પોતાનો વ્યવસાય શરૂ કરવામાં પણ સફળ થયા. કોમ્પ્યુટર ટેકનોલોજીની હરણફાળ બાદ મોબાઈલ ફોનનો આવિષ્કાર થયો. મોબાઈલ ફોનના નાના-મોટા રીપેરિંગના કામની વિશાળ તકો પણ ખુલી છે. જો સમધારણ વ્યકિત આ કામ કરી શકે, તો વિકલાંગોને પણ આ તાલીમ આપી તેમને સ્વનિર્ભર બનાવી શકાય એવા હેતુથી એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટમાં વિનામૂલ્યે મોબાઈલ રીપેરિંગની તાલીમ આપવાનું પણ શરૂ કરવામાં આવેલ. આ કોર્સ માટે જરુરી તમામ સાધનો પણ વસાવવામાં આવેલ. કોરોના મહામારી દરમ્યાન સ્થગિત થયેલ ઓફલાઈન તાલીમનો પુનઃ પ્રારંભ થતાં કોમ્પ્યુટર હાર્ડવેર એન્ડ નેટવર્કિંગ કોર્સની સાથોસાથ મોબાઈલ રીપેરિંગનો કોર્સનો તા. ૧૦.૧૦.૨૦૨૨ થી પુનઃપ્રારંભ કરવામાં આવ્યો છે. આ બેચમાં કુલ ૭ તાલીમાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે. અંદાજે ૬ માસની આ તાલીમ દરમ્યાન તમામ તાલીમાર્થીઓને મોબાઈલ રીપેરિંગના સાધનોની કીટ દ્વારા તાલીમ આપવામાં આવી રહી છે.

આ કોર્સની મુખ્ય ખાસિયત એ છે કે કોર્સ માટે કોઈ હાયર એજ્યુકેશનની જરૂર નથી. ગ્રામ્ય કે શહેરી કોઈ પણ વિસ્તારમાં કામ મળવાની વિપુલ તકો રહેલી છે. કોમ્પ્યુટરના હાર્ડવેર-સોફ્ટવેરનું સામાન્ય જ્ઞાન સાથે મોબાઈલ રીપેરિંગની તાલીમ પૂર્ણ કર્યા બાદ, આ વિકલાંગો કોઈપણ મોબાઈલ શોપમાં સરળતાથી નોકરી મેળવી શકશે. પોતાના જ ગામમાં નાની કેબીન કે દુકાનમાં પોતાનો વ્યવસાય પણ શરૂ કરી શકે છે. રીપેરિંગની સાથોસાથ એપ્લિકેશન, ગેમ, ઓડિયો-વીડિયો ડાઉનલોડ કરવાનું કામ પણ મળી રહેશે. સાથોસાથ નવા સીમકાર્ડ વેચવા, રીચાર્જ કરી આપવું, નાનીમોટી એસેસરિઝ જેવી કે ઈયરફોન, ચાર્જર, મોબાઈલ કવર, લેમિનેશન, સ્ક્રીન ગાર્ડ કાચનું વેચાણ કરીને સ્વનિર્ભર બની શકશે અને સ્વમાનભેર આજીવિકા પ્રાપ્ત કરી શકશે. આ કોર્સની બીજી વિશેષતા એ છે કે નોકરી કે વ્યવસાય દરમ્યાન વિકલાંગતા અવરોધરૂપ નહી બને અને પોતાનો વ્યવસાય સરળતાથી કરી શકશે. ઉપરાંત આ માટે ખૂબ મોટા રોકાણની પણ જરૂરીયાત નથી. આમ, વિકલાંગોને આ મોબાઈલ રીપેરિંગનો કોર્સ ખૂબ જ ઉપયોગી થશે એ નિશ્ચીત છે.



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)

ફાલ્ગુની ખાટસુરિયા



## ''અનામપ્રેમ'' ૨૦૨૨ વૃન્દાવન



**અનામપ્રેમ** કોઈ સંસ્થા નથી પણ તેના બધા સભ્યો; શ્રવણમંદ બાળકો, મંદબુધ્ધિના બાળકો, સી.પી. બાળકો, સૈનિકો, રેલ્વેના કર્મચારીઓ, પોસ્ટના કર્મચારીઓ, નર્સ વગેરે લોકોની સાથે કામ કરે છે અને દરેકને પ્રોત્સાહન પૂરું પાડે છે. કોઈનું પણ નામ નહીં, એ રીતે આ બધા સભ્યો કાર્યરત છે. અનામપ્રેમના બધાજ સભ્યો મુંબઈવાસીઓ છે. અનામપ્રેમ છેલ્લા ૨૧ વર્ષથી શ્રવણમંદ બાળકો માટે રાષ્ટ્રિય લેવલે જુદા-જુદા રાજયોમાં હરિફાઈ યોજે છે. જેમાં રંગોળી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, સિંગીગ, અભિવ્યકિત, ન્યૂઝ રીપોર્ટિંગ, સેન્ડ આર્ટ જેવી સ્પર્ધાઓ હોય છે. તેઓ અત્યાર સુધીમાં ૧૦ રાજયોમાં શ્રવણમંદ બાળકોની રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સ્પર્ધાઓ યોજી ચૂકયા છે. મુખ્ય હેતુ આ દરેક રાજયના શ્રવણમંદ બાળકો એક સ્થળે ભેગા થાય, નવું જાણે, સાથે હળે-મળે, એકબીજા સાથે પોતાના વિચારો વ્યકત કરે અને આનંદ મેળવે. દર વર્ષે આપણી શાળાના બાળકો ''અનામપ્રેમ'' હરિફાઈમાં ભાગ લેવા જાય છે. આ વર્ષે વૃંદાવન ખાતે હરીફાઈઓ યોજાઈ. જેમાં આપણી શાળામાંથી કો-ઓર્ડિનોટર શ્રી ફાલ્ગુનીબેન મકવાણાના માર્ગદર્શન હેઠળ ૧૬ બાળકો અને ૪ શિક્ષકો (માધ્યમિક અને પ્રાથમિક) ના ગયા હતાં. જેમાં ...

૧. **ડ્રોઈંગમાં :** વિવેક અશોકભાઈ વાળા (મોટા ગ્રુપમાં) દ્વિતીય નંબર આવેલ. જેને મોમેન્ટો અને રૂા.૨૦૦૦/- રોકડ પુરસ્કાર મળેલ.

૨. **ડ્રોઈંગમાં :** (નાના ગ્રુપમાં) ધ્રુવ જગદીશભાઈ મકવાણા પ્રથમ નંબર આવેલ. જેને રૂા. ૧૦૦૦/- રોકડ પુરસ્કાર મળેલ.

૩. **અભિવ્યક્તિમાં :** ૧. જીજ્ઞેશ સંજયભાઈ ટાંક અને ૨. ધાર્મિક નિતેશભાઈ મોણપરાએ તૃતિય સ્થાન પ્રાપ્ત કરેલ. જેમાં બંને બાળકોને રૂા. ૧૦૦૦/-, રૂા. ૧૦૦૦/- રોકડ પુરસ્કાર મળેલ.

આપણી શાળાની સાંસ્કૃતિક કૃતિ ગણેશવંદનાની ખૂબ સરસ રજૂઆત થયેલ અને ખૂબ પ્રશંસા પામેલ.

## નવરાત્રિ મહોત્સવ



નવરાત્રિ એટલે **મા અંબા**ની આરાધના કરવાના અને રાસ ગરબે ઘુમવાના દિવસો. આપણે સૌ વિવિધ જગ્યાએ ગરબે ઘુમવાનો લ્હાવો લઈએ છીએ. એવી જ રીતે જેઓ અવાજની દુનિયાથી અલગ છે, તેને રાસ ગરબે ઘુમવાનું-રમવાનું મન થાય તો તેઓએ કયાં જવું ? શું કરવું? આથી સંસ્થામાં અભ્યાસ કરતા બધિર વિદ્યાર્થીઓ, તેમજ અભ્યાસ કરી ગયેલ ભાવનગરના બધિર પરિવારો માટે ખાસ **ગરબા મહોત્સવ**નું શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટ દ્વારા, સંસ્થાના શ્રીમતી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય ખાતે ચાર દિવસ માટે દાતાશ્રીઓના સહયોગથી નાસ્તો-આઈસ્ક્રિમ સાથે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ દિવસે શ્રી કિરીટભાઈ કે. શેઠ (શેઠ બ્રધર્સ), બીજા દિવસે શ્રી મહેન્દ્રભાઈ મહાશંકરભાઈ જોષી, હસ્તે શ્રી જતિનભાઈ એમ. જોષી અને ત્રીજા દિવસે ૧. શ્રી પ્રકાશભાઈ રમણીકલાલ મુની, ૨. સ્વ. શ્રી વિવેકભાઈ અજયભાઈ દોશીના સ્મરણાર્થે, હસ્તે શ્રી વિભાબેન અજયભાઈ દોશી તરફથી નાસ્તામાં સહયોગ મળેલ અને તમામ દિવસોમાં સાત ગ્રુપ જેમ કે નર્સરીથી૧, ધો. ૩ થી ૫, ૬ થી ૮, ૯ થી ૧૨ અને કોલેજના તાલીમાર્થીઓ અને સ્ટાફમાં શ્રેષ્ઠ રાસ રમનાર અને શ્રેષ્ઠ ડ્રેસ એમ બે પ્રકારના ઈનામો, ભાઈઓ અને બહેનો, એમ બે-બે વિભાગમાં આપવામાં આવેલ હતાં. આ માટે વિવિધ નિષ્ણાંત નિર્ણાયકોની દરરોજ સેવાઓ મળી હતી. આ ઉપરાંત દાતાશ્રી કૃણાલભાઈના સહયોગથી તમામ બાળકોને ભેટ આપવામાં આવેલ. તમામ દિવસના ઈનામ દરરોજ બાળકો, સ્ટાફ, ટ્રસ્ટીશ્રીઓના હસ્તે, **શ્રી સી. જે. પેમાસ્ટર કોર્પસ ફંડ** તરફથી આપવામાં આવેલ હતાં. આરતી બાદ સૌ બાળકો ખૂબ મોજથી રાસ ગરબે રમ્યા. તેઓને ખૂશ જોઈ મા અંબા પણ ખરેખર ખૂશ થઈ સૌને આશીર્વાદ આપ્યા હશે. તમામ આયોજન પ્રમુખશ્રી, મંત્રીશ્રી, ખજાનચીશ્રી અને ટ્રસ્ટીશ્રીઓના માર્ગદર્શનમાં, તમામ વિભાગીય વડાઓની દેખરેખ તથા સમગ્ર સ્ટાફની જહેમતથી સફળ રહ્યું હતું.



# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા

જ્યોતિ ભટ્ટી



## "નેશનલ ગેમ્સ" જાગૃતિ અભિયાન :



ગુજરાત સરકાર-રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા તા. ૨૦ સપ્ટે.'૨૨ ના રોજ શાળામાં **"નેશનલ ગેમ્સ"** જાગૃતિ અભિયાન અંતર્ગત ૩૬મી નેશનલ ગેમ્સ યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે, પ્રાથમિક વિભાગના આચાર્યશ્રી ઈલાબેન, શ્રી મિતાબેન વગેરે ઉપસ્થિત રહ્યા હતાં. તેઓએ રમતનું મહત્વ જણાવ્યું હતું. સાથે શાળામાં સ્ટેટ, તેમજ નેશનલ લેવલે મેડલ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓને તાલીમ આપનાર રમત શિક્ષક શ્રી સંદિપભાઈ ગોસ્વામીને પણ અભિનંદન આપેલ. શ્રી સંદિપભાઈએ **"ફીટ ઈન્ડિયા ઓથ"** દરેકને લેવડાવેલ. બાદમાં ગુજરાતના યુવાનો અને વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવાય તે હેતુથી, સરકારશ્રીના આયોજન મુજબ શાળાના પ્રાથમિક તેમજ માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓને વિવિધ રમતો-સંગીત ખુરશી, વોલીબોલ, રસ્સી ખેંચ જેવી રમતો રમાડવામાં આવી. દરેક વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક રમતોમાં ભાગ લીધેલ તેમજ પોતાની અને ટીમની જીત માટેનો ભરપૂર પ્રયાસ કરતા વિદ્યાર્થીઓએ અંગત કૌશલ્યો બતાવ્યા.

## "સાયબર ક્રાઈમ અવેરનેસ" :

શાળામાં તા. ૨૨ સપ્ટે.'૨૨ ના રોજ **"સાયબર ક્રાઈમ અવેરનેસ"** નો કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં સાયબર ક્રાઈમ પોલિસ સ્ટેશન રેન્જના P.I. શ્રી વાય.એસ. આયરાવ તથા P.S.I. શ્રી એચ.એચ. ભટ્ટ દ્વારા સાયબર ક્રાઈમ વિશે માહિતી આપવામાં આવેલ. જેમાં શાળાના ધો. ૯ થી ધો. ૧૨ ના વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ શું છે ?, તેના કારણો, સાયબર ક્રાઈમથી બચવા શું કરવું ? સાયબર સિકયોર, તેમજ ચાઈલ્ડ પોર્નોગ્રાફી વગેરેની સમજ આપેલ. તેમજ



જો સાયબર ક્રાઈમનો બનાવ બને તો તાત્કાલિક હેલ્પલાઈન વેબસાઈટ https:/cybercrime.gov.in પર ઓનલાઈન ફરીયાદ નોંધાવવી. આ દરેક મુદ્દા પર વિશેષ ચર્ચા કરી, તેમજ PPT થી સમજ આપી. ત્યારબાદ વિદ્યાર્થીઓના પ્રશ્નોનું નિવારણ તેઓશ્રી દ્વારા કરવામાં આવ્યું. અંતમાં શ્રી સૂર્યકાન્તભાઈએ આભારવિધિ કરેલ. દરેક શ્રવણમંદ વિદ્યાર્થીઓ સાયબર ક્રાઈમ વિશે જાગૃત થયાં. સમગ્ર માહિતી Sing Language દ્વારા શ્રી ભરતભાઈ, શ્રી વિરેન્દ્રભાઈ તેમજ શ્રી જયોતિબેન બારૈયાએ વિદ્યાર્થીઓને ઈન્ટરપ્રિન્ટ કરી સમજાવી.

## શ્રી નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલયની મુલાકાત



શાળામાં **વિશ્વ બધિર સપ્તાહ** દરમ્યાન **"વિશ્વ બધિર સાઈન લેંગ્વેજ દિવસે"**, તા. ૨૩ સપ્ટે.'૨૨ ના રોજ ધો. ૯ થી ૧૧ ની શ્રવણમંદ વિદ્યાર્થીનીઓને ૩ શિક્ષકો દ્વારા સમધારણ સમાજમાં સમાયોજન, સંમિલન અને પુનઃસ્થાપનના હેતુથી શ્રી નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલયની મુલાકાતે લઈ જવામાં આવેલ. જયાં આયોજન મુજબ પ્રાર્થનાના સમયે પહોંચી, અત્યંત ઉષ્માભેર સ્વાગત કરવામાં આવેલ. વિદ્યાર્થીનીઓએ સુંદર પ્રાર્થના ગાઈ, તેને

શ્રવણમંદ વિદ્યાર્થીનીઓને Sing Language દ્વારા સમજાવવામાં આવેલ. આચાર્યાશ્રી રાજેશ્વરીબાએ શાળા, તેમજ વિદ્યાર્થીનીઓનો પરીચય આપેલ. શ્રવણમંદ વિદ્યાર્થીઓ દ્વારા Sing Language દ્વારા રાષ્ટ્રગીત રજૂ કરવામાં આવેલ. શાળાના શિક્ષિકાબહેને સાથે રહીને શાળાની પ્રયોગ શાળા, મ્યુઝિક રૂમ, રમતનું મેદાન વગેરે બતાવ્યું. શ્રવણમંદ વિદ્યાર્થીનીઓને Sing પણ શીખવેલ. ત્યારબાદ દરેકને પીઝા, કોલ્ડ્રિંક્સ આપવામાં આવ્યું, તેમજ વોટર બેગ ગીફ્ટ આપવામાં આવી. આચાર્યાશ્રી રાજેશ્વરીબાએ શ્રવણમંદ વિદ્યાર્થીનીઓની ખૂબજ લાગણીસભર સરભરા કરી, દર વર્ષે તેઓની શાળાની મુલાકાત લેવા માટે આમંત્રણ આપ્યું. આચાર્યશ્રી શૈલેષભાઈ દવેએ તેઓનો હૃદયપૂર્વક આભાર માન્યો અને તેઓને પણ શાળા જોવા આવવા માટે નિમંત્રણ પાઠવેલ.

## માઈક્રોસાઈન કંપનીની મુલાકાત :



શાળામાં **વિશ્વ બધિર સપ્તાહ** દરમ્યાન **"વિશ્વ બધિર સાઈન લેંગ્વેજ દિવસ"** નિમિત્તે તા. ૨૩ સપ્ટે.'૨૨ ના રોજ માઈક્રોસાઈન કંપનીની મુલાકાતે ધો. ૧૨ ના ૯૮ શ્રવણમંદ વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ તથા ૫ શિક્ષકો, મામસા ખાતે ફેક્ટરી જોવા ગયેલ. તેના માલિક શ્રી નિશિથભાઈ મહેતા, તેમજ તેઓના પુત્ર શ્રી પથિકભાઈએ વિદ્યાર્થીઓના પુનઃસ્થાપન માટે, તેમજ તેઓની પ્રોડક્ટસ વિશે ખૂબ સરસ માહિતી આપેલ. શ્રી નિશિથભાઈએ શ્રવણમંદ વિદ્યાર્થીઓ સાથે Sing Language દ્વારા વાતચીત કરતા વિદ્યાર્થીઓ ખૂબ ખૂશ થયા હતાં. તેઓશ્રીઓ મશીનરી કયાંથી આવે છે ? તેની માહહિતી આપેલ. ધો. ૧૨ પછી જો કોઈને અહિં જોબ કરવી હોય તો, તે માટે તેમણે બાંહેધરી આપેલ છે. તેઓની કંપનીમાં વિવિધ વિભાગોમાં કાર્ય કરતાં અન્ય દિવ્યાંગો સાથે વાતચીત કરાવેલ. વિદ્યાર્થીઓએ ખૂબજ ઉત્સાહપૂર્વક માહિતી મેળવેલ. સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા દ્વારા સમગ્ર આયોજન કરવામાં આવેલ. સમગ્ર વ્યવસ્થા આચાર્યશ્રી શૈલેષભાઈએ કરેલ.

## મૂક-બધિર વિદ્યાર્થીઓ અને વાલીઓને માર્ગદર્શન :



શાળામાં માઈક્રોસાઈન કંપનીના CEO શ્રી નિશીથભાઈ મહેતાના અધ્યક્ષ સ્થાને **વાલી સંમેલન** યોજાયેલ. જેમાં શ્રી નિશીથભાઈ મહેતાએ દિવ્યાંગ લોકોને સ્વનિર્ભર બનવા માર્ગદર્શન આપેલ. તેમજ દિવ્યાંગ લોકોને માત્ર સહાનુભૂતિ નહીં પરંતુ તેમની વિશિષ્ટ શક્તિને ઓળખીને રોજગારી પૂરી પાડવાની ખાત્રી આપેલ. આ કાર્યક્રમમાં ધો. ૧૦ મા પ્રથમસ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને **" શ્રી જયંત શાહ એવોર્ડ "** આપી, શ્રી મહાસુખભાઈ જકડિયા અને શ્રી રૂપાબેન શાહે સન્માનિત કરેલ. તેમજ બોર્ડની પરીક્ષામાં ૧૦૦% પરિણામ પ્રાપ્ત કરવા બદલ, સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ તેમજ શ્રી નિશીથભાઈ મહેતાએ, આચાર્યશ્રી શૈલેષભાઈ દવે અને શિક્ષકોની ટીમને અભિનંદન પાઠવેલ.



# શ્રી શાહ ખી.લ. બહેરાં મૂંગા શાળા મહેતા છાત્રાલય



**સ્નેહાબેન જોષી**

◈ તા. ૨૧ સપ્ટે.'૨૨ ના રોજ શ્રી મીત વિશાલભાઈ મણસાતરના જન્મદિવસ નિમિત્તે, છાત્રાલયના બધા જ બાળકોની સાથે કેક કાપી, તેમજ બધા જ બાળકોને કેક, ચોકલેટ તથા વેફર ખવડાવી બાળકોને ખૂબ જ ખૂશ કરેલ.

◈ તા. ૨૬ સપ્ટે.'૨૨ ના રોજ નવરાત્રિ પ્રારંભ થતા છાત્રાલયના કુમાર વિભાગમાં **માતાજીની** સ્થાપના કરી, તેમજ બંને ટાઈમ આરતી તથા પ્રસાદ ધરાવી, બાળકોએ વિભાગમાં જ ગરબા રમી ખૂબ જ આનંદ કરેલ. તેમજ તા. ૩૦ સપ્ટે. થી ૧ ઓકટો.'૨૨ ના રોજ મહેતા છાત્રાલયના તમામ દીકરા-દીકરીઓને ટ્રેડિશનલ ડ્રેસ પહેરાવીને, શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલયમાં લઈ ગયેલ. ત્યાં પણ બધા જ બાળકોએ ક્રમાનુસાર માતાજીની આરતી ઉતારી, ગરબા રમેલ તથા તેમનો મનભાવતો નાસ્તો કરેલ.

◈ તા. ૫ ઓકટો.`૨૨ ના રોજ શ્રી જીજ્ઞેશભાઈ શાહ તથા તેમના મિત્રવર્તુળ તરફથી, છાત્રાલયના બધાજ દીકરા-દીકરીઓને **દશેરા** નિમિત્તે ચોળાફળી, જલેબી ખવડાવી દશેરાની ઉજવણી કરાવેલ.

◈ તા. ૯ ઓકટો.`૨૨ ના રોજ શરદ પૂનમ નિમિત્તે છાત્રાલયના બાળકોને પૂરી-ઉંધયું, દહીંવડા વગેરે જમાડી ઉજવણી કરેલ.



## શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ છાત્રાલય



◈ તા. ૨૧ સપ્ટે.`૨૨ ના રોજ શ્રી મીત વિશાલભાઈ મણસાતરના જન્મદિવસ નિમિત્તે, છાત્રાલયના બધા જ બાળકોની સાથે જન્મદિવસની ઉજવણી કરેલ. તેમજ બધાજ બાળકોને કેક, ચોકલેટ તથા વેફર આપી બાળકોને આનંદ કરેલ.

◈ તા. ૨૬ સપ્ટે.`૨૨ ના રોજ નવરાત્રિ પ્રારંભ થતા છાત્રાલયના બાળકોએ માતાજીની સ્થાપના કરી, બંને ટાઈમ આરતી કરી, પ્રસાદ ધરાવી, રોજ સાંજે ગરબા રમેલ. તા. ૩૦ સપ્ટે. થી ૧ ઓકટો.`૨૨ ના રોજ છાત્રાલયના ગ્રાઉન્ડમાં ૩ દિવસ બાળકોને ટ્રેડિશનલ ડ્રેસ પહેરાવી ગરબા રમાડવાનું આયોજન કરેલ. તેની સાથે સંસ્થાના સ્ટાફ પરિવારે પણ નવરાત્રિની મોજ માણેલ, તેમજ દરેક બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરેલ.


◈ તા. ૫ ઓકટો.`૨૨ ના રોજ શ્રી જીજ્ઞેશભાઈ શાહ તથા તેમના મિત્રવર્તુળ તરફથી છાત્રાલયના બધાજ બાળકોને **દશેરા** નિમિત્તે ચોળાફળી, જલેબી ખવડાવી દશેરાની ઉજવણી કરાવેલ.

◈ તા. ૯ ઓકટો.`૨૨ ના રોજ શરદ પૂનમ નિમિતે છાત્રાલયના બાળકોને પૂરી-ઉંધયું, દહીંવડા વગેરે ખવડાવી ઉજવણી કરેલ.



## શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ - ટ્રસ્ટ સંચાલિત શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ (હિયરિંગ ઈમ્પાયર્ડ)

✍ સંતોષ યાદવ



### બી.એડ.ની ઈન્ટર્નશીપ :

તા. ૧૯-૭ થી તા. ૨-૮ દરમ્યાન બી.એડ. સ્પે. એજયુ. (એચ.આઈ) વર્ષ ૨૦૨૨`-૨૩ તાલીમાર્થીઓની સી.પી. સ્કૂલમાં ૧૫ દિવસ સુધી **ઈન્ટર્નશીપ** યોજાયેલ.

### ફાઈનલ સેશન એન્ડ એકસટર્નલ વાઈવા :

ડી.એડ. સ્પે. એજયુ. (૨૦૨૦-૨૦૨૨) ની બેંચના ફાઈનલ લેસન તા. ૨૫ થી ૨૮ ઓગસ્ટના રોજ લેવામાં આવેલ.

### ઈન્ટરનલ પરીક્ષા :

બી.એડ. સ્પે. એજયુ. (એચ.આઈ) તાલીમાર્થીઓની તા. ૮ ઓકટો. થી ૧૨ ઓકટો.`૨૨ દરમ્યાન ઈન્ટરનલ પરીક્ષા યોજાય હતી.


### પ્રવેશ પ્રક્રિયા :

બી.એડ. સ્પે. એજયુ. એચ.આઈ. (૨૦૨૨`-૨૩) ના નવા પ્રવેશ માટે યુનિવર્સિટી દ્વારા ઓફલાઈન પોર્ટલ ખોલવામાં આવેલ અને પ્રવેશની કામગીરી કરવામાં આવેલ.

### આંતરિક પરીક્ષા :

ડી.એડ. સ્પે. એજયુ. (એચ.આઈ) ૨૦૨૧-૨૦૨૩ની આંતરિક પરીક્ષા તા. ૬-૯ થી ૮-૯ દરમિયાન યોજાઈ ગઈ.

### નેશનલ વેબિનારનું આયોજન :



તા. ૧૮ થી ૨૦ ના રોજ શ્રી કે.કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કોલેજમાં ઓનલાઈન **નેશનલ વેબિનાર**નું આયોજન કરવામાં આવેલ. જેનો વિષય "Educational and Pedagogical Reforms in Inclusive Education" રાખવામાં આવેલ. જેમાં મુખ્ય અતિથિ તરીકે AYJNISHD ના ડેપ્યુટી ડાયરેકટર ડૉ. અરૂણ બનિક સાહેબ, ભાવ. યુનિ. શિક્ષણશાસ્ત્રના હેડ ડૉ. જયંતભાઈ વ્યાસ, સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, ટિચર્સ ટ્રેનિંગ કોલેજના ચેરમેન શ્રી ધીરૂભાઈ ધંધુકિયા, સંસ્થાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, માધ્યમિક

શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ દવે, ઓડિયો વિભાગના હેડ શ્રી અનિલકુમાર સિંહ તેમજ અન્ય વિભાગના વડા ઉપસ્થિત રહેલ. વેબિનારમાં દેશના વિવિધ સ્થળોએથી ૨૦૦ જેટલા વિશિષ્ટ શિક્ષકોએ ભાગ લીધો હતો. તેમજ ૧૮ જેટલા નિષ્ણાંતોએ પોતાના જ્ઞાનનો લાભ આપેલ. આ પ્રોગ્રામ વિશાળ જન-સમુદાય સુધી પહોંચે અને લોકોમાં વિશિષ્ટ જાગૃતિ આવે તે માટે સોશિયલ મિડીયાના માધ્યમથી યૂ ટયુબ અને ફેસબુક પર જીવંત પ્રસારણ કરવામાં આવેલ. કાર્યક્રમના સમાપનમાં દેશના જુદા-જુદા ભાગથી આવેલ વિશિષ્ટ શિક્ષકોના પ્રતિભાવો લેવામાં આવેલ. સમગ્ર સ્ટાફ અને સંસ્થાનો આભાર માનવામાં આવેલ.

## તિરંગા યાત્રા :



તા. ૧૦ ઓગસ્ટ ના રોજ આઝાદીના અમૃત મહોત્સવ દરમિયાન દરેક લોકોમાં દેશભક્તિની ભાવના જાગે એ માટે સરકારશ્રી દ્વારા હર ઘર તિરંગા અને **તિરંગા યાત્રા** જેવા અભિયાન શરૂ કરવામાં આવેલ. જે અંતર્ગત ટીટીસી કોલેજ દ્વારા કોલેજના બેનર અને તિરંગા લઈ દેશભક્તિના નારાઓ લગાવી, ઉત્સાહપૂર્વક તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવેલ.

## સ્વાતંત્રતા દિવસની ઉજવણી :



આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૭૬માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી ૧૫ ઓગસ્ટ-૨૨ ના રોજ શાળાના પટાંગણમાં રાષ્ટ્રધ્વજ ફરકાવીને કરવામાં આવેલ. જેમાં તાલીમાર્થી શ્રેણી દાન અને મહમ્મદ શોએબે દેશક્તિ ગીતની પ્રસ્તુતિ કરેલ.

## શિક્ષક દિવસની ઉજવણી :

તા. ૮ સપ્ટે. ના રોજ તાલીમાર્થીઓ દ્વારા **શિક્ષક દિવસની ઉજવણી** કરવામાં આવી. તાલીમાર્થીઓ દ્વારા કોલેજના ટિચીંગ અને નોન ટિચીંગ સ્ટાફની ભૂમિકા ભજવી, અનુભવ મેળવ્યો હતો. જે બદલ



તાલીમાર્થીઓને સર્ટિફીકેટ આપીને બીરદાવવામાં આવેલ.

## વિશ્વ સાક્ષરતા દિવસ :



તા. ૮-૯ ના રોજ **વિશ્વ સાક્ષરતા દિવસ**ની ઉજવણી કરવામાં આવેલ. જેમાં આ વર્ષે પણ **ટ્રાન્સફોર્મિંગ લિટરસી લર્નિંગ સ્પેસિસ**ની થીમ તૈયાર કરવામાં આવેલ અને તેના પર સ્પીચ તૈયાર કરી વિશ્વ સાક્ષરતા દિવસ વિશે માહિતી આપવામાં આવી હતી.

## વિશ્વ હિન્દી દિવસની ઉજવણી :

તા. ૧૪-૯ના રોજ ટિચર્સ ટ્રેનિંગ કોલેજમાં વિશ્વ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં ટિચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ **હિન્દીને જનમતની ભાષા બનાવવી** થીમ તૈયાર કરી, હિન્દી દિવસ કયારથી મનાવવામાં આવે છે અને હિન્દી ભાષાનું શું મહત્વ છે? તેના વિશે ચર્ચાઓ કરી.

## રમત ઉત્સવ :

તા. ૨૦ સપ્ટે.`૨૨ ના રોજ ૩૬ માં રાષ્ટ્રિય **રમત ઉત્સવ**ની ઉજવણી કરવામાં આવેલ. જેમાં સંગીત ખુરશીમાં પ્રથમ નંબરે શ્રી ભાનુપ્રિયા, દ્વિતીય નંબરે હરપ્રિત કૌર, દોરડા ખેંચ અને વોલીબોલમાં ડિપ્લોમા તાલીમાર્થીઓ વિજેતા બનેલ.

## માઈમ પ્રસ્તુતિ :

અજમેરા ફેમિલી (દાતાશ્રી)ના સ્વાગત માટે તા. ૨૦ સપ્ટે.ના રોજ ઓડિટોરિયમમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. ટિચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓ દ્વારા **માઈમ** રજૂ કરેલ.





# 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા



નેહલ ગઢવી

## સંસ્થા મુલાકાત :

સંસ્થામાં કાર્યરત 'ભાનુવાડી' વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરના મુખ્ય દાતા શ્રી ડી. કે. અજમેરા તથા શ્રી મહેશભાઈ ગાંધીએ સંસ્થાની શુભેચ્છા **મુલાકાત** લઈ વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરમાં થતી પ્રવૃત્તિઓ નિહાળેલ.

## સાંસ્કૃતિક કૃતિઓ :

તા. ૧૯ સપ્ટે.`૨૨ ના રોજ નટરાજ ઓડિટોરીયમ ખાતે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં શાળાના બાળકો દ્વારા ખુબ જ સુંદર બે કૃતિઓ રજૂ કરવામાં આવેલ. મેઘાણી ઓડિટોરીયમ ખાતે તા. ૨૧ સપ્ટે.`૨૨ ના રોજ વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન (VYO) દ્વારા આયોજિત શપથવિધિ-૨૨ ના કાર્યક્રમમાં બાળકોએ દેશભક્તિના ગીત ઉપર **સાંસ્કૃતિક કૃતિ** રજૂ કરેલ.

## નવરાત્રિ પર્વ :

તા. ૨૬ સપ્ટે.`૨૨ ના રોજ શાળામાં, નારી ઉત્થાન કેન્દ્ર - ભાવનગરની બહેનોએ શાળાના વિદ્યાર્થીઓ સાથે ગરબાઓ રમી **નવરાત્રિ પર્વ** ઉજવેલ તથા બાળકોને નાસ્તો કરાવેલ.

## પ્રાર્થના સભા :



સંસ્થાના ઉપપ્રમુખ શ્રી વિનોદરાય એન. હકાણીના ધર્મપત્નિ સ્વ. શ્રી અંજનાબેન હકાણીની **પ્રાર્થના સભા**નું સંસ્થાના કેમ્પસમાં આયોજન કરી, સદગતના આત્માની ચિર શાંતિ અર્થે પ્રાર્થના કરેલ.

## આદ્યશક્તિ પર્વની ઉજવણી :

તા. ૧ ઓકટો.`૨૨ ના રોજ દિપક હોલ ગ્રાઉન્ડ ખાતે, મોઢ જ્ઞાતિ યુવક મંડળના સહયોગથી **આદ્યશક્તિ પર્વ** નવરાત્રિની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે ડૉ. નિર્સંગ શાહ (ઓર્થોપેડિક સર્જન), શ્રી સુધિરરંજન શાહુ (AGM-BOB Bhavnagar Resion), શ્રી હિમાચલભાઈ મહેતા (ખાધ્ય ખોરાક ન્યુઝ), શ્રી સુનિલભાઈ પરીખ (અમરેલીવાળા), શ્રી જતિનભાઈ મણિયાર (પ્રમુખ-મોઢ જ્ઞાતિ યુવક મંડળ), શ્રી સુનિલભાઈ પારેખ (શુભાંગિની ફાઉન્ડેશન), શ્રી નરેશભાઈ કોઠારી (ઉદ્યોગપતિ), શ્રી આરતી જોષી (ટેલીવુડ કલાકાર) ની વિશેષ ઉપસ્થિતિમાં આરતી કરી બાળકો, વાલીઓ, સ્ટાફ પરિવાર તથા મહેમાનો દ્વારા સુંદર ગરબા લેવામાં આવેલ. અંતમાં દરેક બાળકોને ટીફીન ભેટ સ્વરૂપે આપવામાં આવેલ. આ પ્રસંગે ટ્રસ્ટીશ્રીઓ, વાલીઓ તથા બાળકો બહોળી સંખ્યામાં હાજર રહેલ.

## વાર્ષિક સાધારણ સભા (AGM) :



તા. ૨ ઓકટો.`૨૨ ના રોજ વર્ષ ૨૦૨૧-`૨૨ ની **વાર્ષિક સાધારણ સભા**નું આયોજન કરવામાં આવેલ. જેમાં સમગ્ર વર્ષ દરમિયાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓ તથા વહિવટી બાબતોની માહિતી, માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠે આપેલ. આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિનો અહેવાલ આપવામાં આવેલ. માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ તરફથી ઓડિટેડ હિસાબો તથા બજેટ રજૂ કરવામાં આવેલ. મિટીંગમાં હાજર સભ્યોએ વાર્ષિક અહેવાલ બહુ આકર્ષક અને સુંદર બનેલ છે તેવું જણાવી, શ્રી વિનુભાઈ હકાણી તથા શ્રી આરિફભાઈને અભિનંદન પાઠવેલ. સભામાં હાજર ટ્રસ્ટીશ્રીઓ તથા સભ્યશ્રીઓ દ્વારા સંસ્થાની કામગીરી તથા પ્રવૃત્તિઓને બીરદાવવામાં આવેલ તથા ટીમ 'અંકુર' ને અભિનંદન આપવામાં આવેલ. ઉપરાંત 'અંકુર' માં ડોનેશનના પ્રવાહ માટે શ્રી નેહલબેનને અભિનંદન પાઠવેલ.

## ડાઉન સિન્ડ્રોમ - માર્ગદર્શન કેમ્પ :

તા. ૯ ઓકટો.`૨૨ ના રોજ શાળા ખાતે ડાઉન સિન્ડ્રોમ બાળકોના વાલીઓ માટે એક **માર્ગદર્શન કેમ્પ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં તજજ્ઞો શ્રી વૈશાલીબેન (અમદાવાદ) તેમજ શ્રી કીર્તિબેન (વડોદરા) એ 'ડાઉન સિન્ડ્રોમ' બાળકો જન્મવા પાછળના કારણો - લક્ષણો, તેમના વિકાસના વિવિધ પાસાઓ વિશે ઝીણવટપૂર્વક જ્ઞાનસભર માહિતી પુરી પાડેલ. જેમાં બહોળી સંખ્યામાં ડાઉન સિન્ડ્રોમ બાળકોના વાલીઓએ લાભ લીધેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ તથા સંકલન, આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીએ કરેલ.

## વર્કશોપ :

તા. ૧૩ ઓકટો.`૨૨ ના રોજ **પ્રજ્ઞા શિક્ષણ પધ્ધતિ** અંગે દક્ષિણામૂર્તિ પ્રિ. પી. ટી. સી. કોલેજના અધ્યાપકશ્રી વિપુલભાઈ વ્યાસના **વર્કશોપ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં સમગ્ર સ્ટાફ સક્રિય રીતે જોડાયેલ.

## 'ભાનુવાડી' વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર :

શાળા સંચાલિત 'ભાનુવાડી' વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરમાં મંદબુધ્ધિ બાળકો દ્વારા બનાવવામાં આવેલ વિવિધ આકર્ષક મીણબત્તી, તોરણ, કુશનકવર, શોપિંગબેગ વિગેરે વસ્તુઓનું ઓનલાઈન વેચાણ કરેલ.

# ૧ થી ૩૧ ઓક્ટોબર '૨૨ સુધીના દાતાઓની યાદી

## P. N. R. SOCIETY

PNR HOPE 4 ALL

### 80-G

| | |
|---|---|
| Shri Nergish Darius Vesavewala - Mumbai | 25,000 |
| Shri Vijyaben Balvantrai Joshi - Bhavnagar | 2,500 |
| Shri Dharambhai Raimugiya - Bhavnagar | 9,000 |
| Shri Krishnaben Dharambhai Raimugiya - Bhavnagar | 9,000 |
| Shri Pallav Rajnikant Khandhar - Bhavnagar | 22,000 |
| Shri Pallav Rajnikant Khandhar - Bhavnagar | 50,000 |
| Shri Pallav Rajnikant Khandhar - Bhavnagar | 37,500 |
| Shri Dilip Gordhandas Gondalia - Mumbai | 5,000 |
| Shri Ambikaben Tekariwal - Bhavnagar | 1,600 |
| Shri Dulari Nareshbhai Patel - Bhavnagar | 1,050 |
| Shri Ishan Pareshbhai Patel - Bhavnagar | 1,050 |

### CSR Donation

| | |
|---|---|
| M/s. James Walker Inmarco Industries Pvt.Ltd - Mumbai | 5,00,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | |
|---|---|
| Shri Kailashben Jitendrabhai Dodiya - Bhavnagar | 3,000 |
| Shri Mrudula Jasvantlal Shah - Mumbai | 4,000 |
| Shri Mrudula Jasvantlal Shah - Mumbai | 10,000 |
| Shri Bharat R. Patel - Dhansura | 15,000 |
| M/S. Jinesh Traders - Bhavnagar | 1,000 |
| Shri Bhanuben Gohil - Bhavnagar | 9,000 |
| Shri Sonal Pranav Mehta - Bhavnagar | 20,000 |
| Shri Pranav Hrushikesh Mehta - Bhavnagar | 20,000 |
| Shri Kiritbhai K Sheth (Sheth Brothers) - Bhavnagar | 30,000 |
| Shri Vaibhav Muni - Bhavnagar | 6,000 |
| M/S. Deepak Techno Cast - Bhavnagar | 7,000 |
| Shri J. I. Shah - Bhavnagar | 5,000 |
| Shri Krunalbhai - Bhavnagar | 7,000 |
| Shri Ashvinkumar G. Pandya - Bhavnagar | 50,000 |
| Shri Darshan Sureshbhai Pandya - Hyderabad | 50,000 |
| Late Navinchandra Nanalal Doshi - Mumbai | 15,000 |
| Shri Jaydevsinh Amrsinh Gohil - Bhavnagar | 2,500 |
| Shri Paresh Vasudev Mehta - Bhavnagar | 1,10,000 |
| Shri Snehaben S. Joshi - Bhavnagar | 1,700 |
| Shri Shivanya Pavasaya - Bhavnagar | 3,500 |
| Shri Akhand Anand Parivar - Bhavnagar | 6,000 |
| Shri Hemendrabhai Mehta - Bhavnagar | 2,100 |
| Late Bhagvandas Mohanlal Parikh - Bhavnagar | 15,000 |
| Shri Alpeshbhai D. Pavasiya - Bhavnagar | 10,000 |
| Shri Varshaben B. Lalani - Bhavnagar | 5,000 |
| Shri Jatinbhai Joshi - Bhavnagar | 4,800 |
| Shri Alpeshbhai D. Pavasiya - Bhavnagar | 10,000 |
| Shri Inner Wheel Club Of Bhavnagar-Bhavnagar | 10,540 |
| Shri Inner Wheel Club Of Bhavnagar-Bhavnagar | 10,000 |
| Shri Bhumit Ravindrabhai Shah - Bhavnagar | 50,000 |
| Shri Pankaj D. Ranpura - Ankleshwar | 10,000 |
| Shri Pankaj D. Ranpura - Ankleshwar | 10,000 |

## ANKUR SPECIAL SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | |
|---|---|
| Shri Sanjaybhai Kantilal Patel - Bhavnagar | 1,00,000 |
| Shri Hareshbhai Shah - Ahmedabad | 44,000 |
| Shri Gargi Shukla - Bhavnagar | 36,300 |
| Shri Late Shri Anjanaben Vinodrai Hakani - Bhavnagar | 25,000 |
| Shri Ruchitaben Kirankumar Jani - Bhavnagar | 25,000 |
| Shri Tushar J.Mehta - Bhavnagar | 22,000 |
| Shri Illa Rajesh Foundation - Mumbai | 21,000 |
| Shri Subhash Chandra Tank - U.K. | 18,250 |
| Shri Kalpanaben Nitinbhai Shah - Bhavnagar | 15,001 |
| Shri Kiritkumar Nagindas Cholera - Bhavnagar | 11,000 |
| Shri Pravinbhai Kansagra - Bhavnagar | 11,000 |
| Shri Sunilbhai Parekh - Amreli | 11,000 |
| Shri Kamleshbhai R.Sheth & Varshaben K. Sheth - Bhavnagar | 10,000 |
| Shri Ashaben Dilipbhai Kothari - Mumbai | 10,000 |
| Shri Hirenbhai Shah - Anand | 10,000 |
| Shri Samipbhai Thakkar - U.S.A. | 10,000 |
| Shri Dhirendrabhai Kalidas Mehta - Bhavnagar | 7,700 |
| Shri Sudhiranjan Sahoo - Bhavnagar | 6,000 |
| Shri Subhagi Charitable Trust - Bhavnagar | 5,000 |
| Shri Sharadbhai Parekh - Bhavnagar | 5,000 |
| Shri Jatinbhai Maniyar - Bhavnagar | 5,000 |
| Shri Ishwarbhai R. Khandwala - Mumbai | 5,000 |
| Shri Nand Gaurav Patel - Anand | 5,000 |
| Shri Shah Ramniklal Prajidas - Amreli | 3,000 |
| Shri Amilal Gulabchand Shah - Mumbai | 3,000 |
| Shri Rameshbhai Vakani - Bhavnagar | 2,500 |
| Shri Rameshbhai Dinkarbhai Patel - Ahmedabad | 2,500 |
| Shri Krishiv Sandipbhai Jethva - Bhavnagar | 2,101 |
| Shri Suresh Dupatta - Bhavnagar | 1,821 |
| Shri Vinaben B. Shah - Vadodara | 1,100 |
| Shri Vinodkumar Vallabhdas Manek - Kachchh | 1,001 |
| Well Wisher - | 1,001 |

## BHAVNAGAR NAVJAWAN SANGH
### V.C. Lodhawala & Pratapbhai Parekh Ployclinic

| | |
|---|---|
| Shri Raunak Corporation - Mumbai | 3,50,000 |
| Shri Bipin Chimanlal Patel - Bhavnagar | 5,000 |
| Matushri Kashiben C. Anandpara Chunilal Anandpara Charitable Trust - Mumbai | 25,000 |
| Shri Narangiben B. Vakharia Charitable Trust - Mumbai | 5,000 |

# દિવ્યાંગો દ્વારા શક્તિ પર્વ નવરાત્રિની જોશભેર ઉજવણી

ઈનામ વિતરણ



શ્રી અમરજ્યોતિબા હસ્તે



શ્રી અંબિકાબેન ટેકરીવાલ હસ્તે

ભાવનગરની PNR સોસાયટી સંચાલિત, નટરાજ કોલેજના પરિસરમાં, મગજના લકવાવાળા બાળકોની શાળા નટરાજ સેરેબ્રલ પાલ્સી (સી.પી.) સ્કૂલ, હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેકટ તથા કે.એન.શાહ ઓટિઝમ સ્કૂલના દિવ્યાંગ તથા સમધારણ વિદ્યાર્થી, વિશિષ્ટ શિક્ષકો, વાલીઓ અને કર્મચારીગણ દ્વારા બે વર્ષના કોરોનાકાળની સુસ્તી ઉડાડવામાં, આદ્યશક્તિની ઉપાસનાનું પર્વ નવરાત્રિ, તા. ૧ ઓકટોબર,`૨૨ ના રોજ ભક્તિભાવપૂર્ણ રીતે ઉજવવામાં આવ્યું. ખેલૈયાઓએ ભાતિગળ પોષાકમાં મન મૂકીને રાસની રમઝટ બોલાવી. દિવ્યાંગ ખેલૈયાઓએ આરતી શણગારી, માની આરતી ઉતારેલ. આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન શ્રી પારસભાઈ શાહે કરેલ. અતિથિવિશેષ શ્રી મનીષભાઈ ઠાકર (આસિસ્ટન્ટ કમિશ્નર ઓફ ઈન્ટેલિજન્સ બ્યૂરો), તથા શુભચિંતકો સર્વશ્રી શ્રીમતી અંબીકાબેન ટેકરીવાલ, શ્રી મુકેશભાઈ જોધવાણી, શ્રીમતી અમરજ્યોતિબા વિગેરેની પ્રેરક ઉપસ્થિતીએ રાસની રમઝટમાં રંગ લાવી દીધો.

આ સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજન અને ઈનામો વિગેરેમાં આર્થિક સહયોગ મુખ્યત્વે સ્વ. તારાબેન ભૂપતરાય દોશીની પૂણ્ય સ્મૃતિમાં, હસ્તે શ્રી હરેશભાઈ દોશી-બેંગ્લોર, શ્રી હર્ષાબેન સંઘવી-મુંબઈ, શ્રી કે.ડી. પડિયા સાહેબ (O.S.D., PNR), શ્રી મનીષભાઈ ઠાકર અને શ્રી અંબિકાબેન ટેકરીવાલે આપેલ છે. રાસ ગરબાની સ્પર્ધાના વિજેતા સ્પર્ધકોને મહાનુભાવોના વરદહસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રી બાબાભાઈ, શ્રી હર્ષકાન્તભાઈ રાખશિયા, શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી મહાસુખભાઈ જકડિયા વિગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની આભારવિધિ શ્રી કિરીટભાઈ રાઠોડે કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી વિભૂતિબેન વ્યાસ તથા શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા કરાયેલ.

## રિસોર્સ સેન્ટર સમાચાર

### સ્પીચ થેરાપી તથા નિરામયા હેલ્થ પોલિસી માર્ગદર્શન કેમ્પ

તાજેતરમાં PNR સોસાયટી સંચાલિત, મહુવા ખાતે ચાલતા દિવ્યાંગ બાળકોના કેન્દ્રમાં, **સ્પીચ થેરાપી એસેસમેન્ટ કેમ્પ**નું આયોજન કરવામાં આવેલ. તેમાં સંસ્થાના સ્પીચ થેરાપિસ્ટ ડૉ. અંબર ગુપ્તા દ્વારા બાળકોના વાલીઓને વાણી, ભાષા તથા વાતચીતના દોષની તપાસ કરી, વાલીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. આ સાથે **નિરામયા હેલ્થ પોલિસી માર્ગદર્શન કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું, તેમાં સંસ્થાના શ્રી હિતેશભાઈ ઓઝા દ્વારા નિરામયા હેલ્થ પોલિસી વિશે માહિતી આપવામાં આવી હતી.



# પી.એન.આર. સોસાયટીમાં નવરાત્રિ મહોત્સવ


માતાજીની પૂજા


માતાજીની આરતી


વ્હીલચેર ગરબા


રાસ-ગરબા

## ઈનામ વિતરણ


શ્રી મનીષભાઈ ઠાકર (A.C.; I.B.) હસ્તે


શ્રી બાબાભાઈ હસ્તે


શ્રી પારસભાઈ હસ્તે


શ્રી કિરીટભાઈ હસ્તે

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24 ◆ Monthly
Date of Publication : 15 Nov.- 2022 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com